॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૫ તારીખે - સળંગ અંક ૪૨૭ જુન - ૨૦૨૧

રૂા. ૫/૦૦













શ્રી રાધાકૃષ્ણદેવનો ૧૧૦મો વાર્ષિક પાટોત્સવ ચૈત્ર વદ ૭, શ્રી નરનારાયણદેવનો ૧૯૮મો વાર્ષિક પાટોત્સવ વૈશાખ સુદ ૫ ધામધૂમથી ઉજવાયો - ભુજ





શ્રી ઘનશ્યામ મહારાજનો ૨૧ મો વાર્ષિક પાટોત્સવ ચૈત્ર વદ ૨ - માંડવી











કવોરન્ટાઈન સેન્ટર કન્યા વિદ્યામંદિરમાં દર્દીઓની સારસંભાળ માટે ગયેલ મહંત સ્વામી આદી સંતો, ડૉ. તથા સ્ટાફ સાથે - ભુજ







કોવિડ ૧૯ માં અક્ષરવાસ થયેલ લોકોના અંતિમ સંસ્કાર માટે લાકડાની સેવામાં માંડવી પિયાવાના યુવાનો તેમજ સુખપર શ્મશાનમાં અંતિમ સંસ્કાર કરવામાં આર. એસ. એસ. ના સ્વયં સેવકો અને સેવિકાઓ તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો, યુવતીઓ તેમજ સેવા કરનાર સેવકો માટે ભોજન તથા અંતિમ વિધિ માટેની સામગ્રી તૈયાર કરનાર સાં.યો. બહેનો - સુખપર





ભુજ મંદિર દ્વારા ગામડાઓમાં જઈને હરિભક્તોનું રેપિડ ટેસ્ટ કરાઈ રહ્યું છે. - અબડાસા















ભુજ મંદિર દ્વારા રોજીંદી મજુરી કરી ગુજરાન ચલાવતા લોકો માટે ખાદ્ય રાસન સામગ્રીના ૨૫૦૦ બોક્ષ અર્પણ કરાયાં

RNI NO. GUJ/GUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Postal Regd. No. GKCH-158/2021-2023
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2021/UPTO 31-12-2021





**વિવિધ ફૂલના તથા ચંદનના શણગારમાં દર્શન આપતા શ્રીઠાકોરજી - ભુજ**











**શ્રી નરનારાયણદેવના ૧૯૮ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે સભામંડપમાં કથા પારાયણ, મૌન પારાયણ કરતા સંતો તથા યજમાન પરિવાર - ભુજ**




શ્રી ઘનશ્યામ મહારાજનો ૨૧ મો વાર્ષિક પાટોત્સવ ચૈત્ર વદ ૨ - માંડવી







ક્વોરન્ટાઈન સેન્ટર કન્યા વિદ્યામંદિરમાં દર્દીઓની સારસંભાળ માટે ગયેલ મહંત સ્વામી આદી સંતો, ડૉ. તથા સ્ટાફ સાથે - ભુજ





કોવિડ ૧૯ માં અક્ષરવાસ થયેલ લોકોના અંતિમ સંસ્કાર માટે લાકડાની સેવામાં માંડવી પિયાવાના યુવાનો તેમજ સુખપર શ્મશાનમાં અંતિમ સંસ્કાર કરવામાં આર. એસ. એસ. ના સ્વયં સેવકો અને સેવિકાઓ તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો, યુવતીઓ તેમજ સેવા કરનાર સેવકો માટે ભોજન તથા અંતિમ વિધિ માટેની સામગ્રી તૈયાર કરનાર સાં.યો. બહેનો - સુખપર



।। શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ।।

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ।।


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૭ કુલ અંક-૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૧૯ અંક-૧૧ જુન-૨૦૨૧
વર્ષ : ૩૭ - સળંગ અંક-૪૨૭

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના શુભાશીર્વાદથી

:: સંસ્થાપક ::
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

:: માલિક ::
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

:: તંત્રી ::
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

:: સહતંત્રી ::
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ, શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીન: ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith


## અનુક્રમણિકા


| | |
|---|---|
| – તંત્રીની કલમે | ૪ |
| – શિક્ષાપત્રી | ૫ |
| – શ્રીમદ્ ભગવદ્ ગીતા વિશ્વમાં સૌથી વધારે લોક | ૭ |
| – ભગત ? પારકી જળસ મને ધૂળજ દેખાય છે...! | ૯ |
| – ...એથી કાંઈ આપણો સત્સંગ છોડી દેવાય? | ૧૧ |
| – ગંગા ઉત્પત્તિ | ૧૩ |
| – નિર્જલા એકાદશી | ૧૪ |
| – કીર્તન વિવેચન | ૧૭ |
| – સંત્સગ સમાચાર-દેશ | ૨૦ |
| – શ્રીઘનશ્યામ બાળસંદેશ | ૩૨ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

### દેશમાં

આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

### વિદેશમાં

આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

# તંત્રીની કલમે



આજે મોટાભાગના લોકોનાં મન અને મસ્તિષ્કનો મેળ નથી બેસતો એ તેમની મોટી સમસ્યા છે. મન લાગણી અને ઈચ્છાઓને અનુસરવા માંગતું હોય છે જ્યારે મસ્તિષ્ક કંઈક અલગ વિચારી સ્વ અર્થ માટે પ્રેક્ટીકલ થવા પ્રેરતું હોય છે. આ વિકટ પરિસ્થિતિમાં માનવ અટવાયેલો છે. તેનું મુખ્ય કારણ એ છે કે માનવમાં સંવેદના ઓછી થતી જાય છે અને તે ભાવશૂન્ય થતો જાય છે .ઈશ્વરે દરેકને જન્મજાત ભાવજગત આપેલું છે અને તેમાંથી , સદ્‌ભાવનાઓ જન્મતી હોય છે.કોરોનાના કારણે આજે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે કે જે માનવ ઈશ્વરથી અને પરિવારથી વિમુખ થઈ ગયો છે ને ગભરાઈ ગયો છે અને એકલો પડી ગયો છે. એકાકીપણાની અકળામણની અનુભૂતિને અલવિદા કહેવા માટે ભારતીય પ્રાચીન પરંપરાઓ મુજબ સંયુક્ત કુટુંબજ મહત્ત્વનો ભાગ ભજવી શકે છે. જો પરિવારની સાથે હોઈએ તો પરસ્પર પ્રેમનો પમરાટ, સગાંઓના સ્નેહની અને સાંનિધ્યની સુગંધ, એકબીજાને અપાતી હૈયાધારણ અને હૂંફ આત્મબળ વધારે છે અને ભયને ભગાડી દે છે. શ્રી હરિનું સ્મરણ કરી હકારાત્મક વલણ સાથે કુદરતી જીવન શૈલી તરફ પાછા વળીએ. જો આ વાતને અનુસરશું તો મન અને મસ્તિષ્કનો મેળ બેસી જશે. આવું થતાં જ ભાવજગતમાં સદ્‌વિચારો પ્રગટશે અને જીવન આનંદમય બનશે.


આજે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે કે ઠેર ઠેર માનવતાનાં દીપ પ્રગટવા જોઈએ. પરંતુ અફસોસની વાત એ છે કે મોતના ખોફ વચ્ચે પણ માનવીઓમાં ઈર્ષ્યા, ખટપટ, રાગ-દ્વેષ, લાલચ, કલેશ, સ્વાર્થ, વિશ્વાસઘાત, નફરત અને ઉપેક્ષા જોવા મળી રહ્યા છે! આવા લોકોનો આત્મા મરી પરવાર્યો છે! પ્રેમ, સદ્‌ભાવ, હૂંફ અને સાંત્વના સાથે તેમના માનવીય સદ્‌ગુણોને જાગૃત કરવાના છે. કયાંક એવું પણ જોવા મળે છે કે શૂન્યમાંથી સર્જન કરી જે વડીલે પરિવારને પગભર અને સમૃદ્ધ બનાવ્યો છે તે વડીલની સર્જન કરવાની શક્તિ જ્યારે ક્ષીણ થઈ જાય છે ત્યારે તેનો પરિવાર તે વડીલના વિસર્જનની રાહ જોતો હોય છે! આવા પરિવારને પણ લાગણીભીનાનાં બનાવી સાચી દિશા ચીંધવાનો સમય આવી ગયો છે.

અફાટ રણમાં કયાંક મીઠી-મધુરી છાયા આપતું વૃક્ષ મળી આવે કે મીઠા વિરડાનાં અમૃતમય પાણીની પ્રાપ્તિ થતાં જે અનુભૂતિ થાય તેવા હૈયાને ટાઢક આપતા અને માનવતાની મહેક પ્રસરાવતા જીવદયાના ઝરણાં વહી રહ્યાં છે. જેની માહિતીસભર વિગત આ અંકમાં પ્રકાશિત કરી છે.

સૌથી મોટો આશરો શ્રીજી મહારાજનો છે એ કદી એ ભૂલાવું ન જોઈએ. સદાય શ્રી હરિ સાથે જોડાયેલા રહીએ. ભક્તિની શક્તિના સથવારે દરેક પડકારોને પરાજિત કરીએ. કોરોનાના કારણે મૃત્યુ પામેલાઓના આત્માઓને ચિર શાંતિ આપે તેવી શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ.

# શિક્ષાપત્રી

**હિંમતભાઈ ઠક્કર - રઘુવંશી**



**શિક્ષાપત્રી શ્લોકઃ ૫૫**

સામાન્ય વૈષ્ણવ સત્સંગી ઉત્તમ વૈષ્ણવ આત્મનિવેદી બન્નેના કર્મ કલાપ

ये त्वम्बरीषवद्भकताः स्युरिहात्मनिवेदिनः ।
तैश्च मानसपूजान्तं कार्यमुक्तक्रमेण वै ॥

"મારા આશ્રિત અમરીશ રાજા ને સમાન આત્મનિવેદી ભક્ત હોય તેમણે પણ આગળ બતાવેલા ક્રમ પ્રમાણે માનસી પૂજા પર્યંતનો બધો વિધિ કરવો".

"સાંસારિક ઝાકઝમાળ જમડા લોષ છે,
મળેલ માનવદેહ શ્રેષ્ઠ છે,
મંદિરના પગથિયાં ધામે લઈ જાય
ચઢીએ તોજ આત્મનિવેદીત થવાય."

ભાષ્યકાર શતાનંદ સ્વામી આ શ્લોકનો ભાવ સમજાવે છે કે, સત્સંગીઓ બે પ્રકારનાં કહેલા છે. એક (સામાન્ય) વૈષ્ણવ અને બીજા ઉત્તમ વૈષ્ણવ જે આત્મનિવેદી કહેવાય છે. જેમને માટે માનસીપૂજા પર્યંતનો જે નિત્યવિધિ બતાવેલ છે તે બન્ને માટે સરખો જ છે.

"આત્મા તડપે પરમાત્મા કાજે,
જીવ સંસારમાં હડિયું કાઢે,
અજ્ઞાની લાખો યોનિમાં આંટા મારે,
શિક્ષાપત્રી જ સૌને સમજણ આપે"

શ્રીજી મહારાજે ગૃહસ્થોમાં અંબરીષ રાજાને એક આદર્શ આત્મનિવેદી ભક્ત માનેલા છે. લોષ્ટ એટલે કચરો અંબરીષ રાજા સાત દ્વીપ પૃથ્વી ભોગવતા અખૂટ લક્ષ્મી, પુષ્કળ વૈભવ બધાયને લોષ્ટ માનતા આપણે આપણા મુઠ્ઠીભર વૈભવનો ધજાગરો કરી અહં પોષીએ છીએ.

ભક્ત નરસિંહ મહેતા કરતાલની છન છનાહટ કરી કીર્તન ગજવી ગયા છે. "હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે." ધોમ તડકે ચાલ્યા જતા બળદ ગાડા નીચે છાંયો માણતો કૂતરો ચાલ્યો જતો હતોને "હું ચલાવું માન્યે જતો હતો....!" અહંનો જયજયકાર કરતો હતો....! આનું નામ સંસાર.

સર્વે કર્મેન્દ્રિયોની સમગ્ર ક્રિયાઓને હાથ-પગને પ્રભુ સેવામાં, મનને કેવળ પ્રભુનામમાં લીન. જીહવાને ષડાક્ષરી મંત્રોચ્ચારમાં ચર્મચક્ષુઓને પ્રભુદર્શનમાં ઝબકોળ્યે રાખવી પ્રભુ પૂજામાં શરીરનો સ્પર્શને પરમાત્મા જ માત્ર શ્રેષ્ઠતમને સંસારની માયામાત્ર લોષ્ટ જાણવી.

"જન્મે ત્યારે સૌ સામાન્ય,
ગુરુ મળતાં રફતાર ગતિ પકડે,
ભાગ્ય ખૂલે તો ઉર્ધ્વ ગતિએ ચઢે,
ત્યારે આત્મનિવેદન સમજણ પડે."

"સંસારાધીનતા છે કર્મબંધન,
પ્રભુ ન્યોચ્છાવરતાને લાખો વંદન,
માનવ જન્મજાત ભક્ત જ છે,
ભીતરમાં આત્મા જાગૃતિ નો ખેલ છે !"

રાજસ્થાનની નાનકડી મીરાં એ તેના ઘરના ઝરૂખામાંથી વરઘોડો જોયો. જાણવાની જિજ્ઞાસા થઈ.

માંને પૂછ્યું આ વર પરણવા જાય છે. ને તદ્દન નિર્દોષતાથી તેણે મા પાસેથી માંગી લીધું માં મનેય વર દેને , સ્તબ્ધ બની ગયેલાં માં એ પાસે જ મંદિરમાં પડેલ શ્રીકૃષ્ણની નાનકડી પ્રતિમા ઉપાડીને મીરાંને પટાવવા તેના હાથમાં પ્રતિમા પકડાવતાં વાતને આટોપી લીધી, “લે, દીકરી આ તારો વર હાથવગા મળેલ વરે મીરાંના હૃદયસ્થિત આત્માને ઝકઝોડી દીધોને તે જ ક્ષણથી મીરા શ્રી કૃષ્ણને આજીવન આત્મા નિવેદિત બની ગઈ. અને પછીતો એકતારો હાથમાં લઈ ખુલાં ખુલાં ચોરેને ચૌટે કીર્તન અને નૃત્યની વણઝાર વ્યાપી ગઈ. મીરા પરણ્યાને પતિ પણ તેની આત્માનિવેદીતાને સ્વીકારી લીધી

પતિનું જીવન ટૂંકાયું એટલે સાસુમાં દિયર અને અન્ય સંસારી સગાંઓએ તેમનું અસલી સ્વરૂપ દેખાડ્યું. સાસુમાએ મીરાને, કુળઘાતી કહ્યાંને રાજા બની બેઠેલ દિયરે મીરાને પ્રસાદના બહાને હળાહળ ઝેર મોકલ્યું. બધું જ સમજી ગયા છતાંય મીરાએ શ્રીકૃષ્ણનું સ્મરણ કરી ઝેર પીલીધું તો કાંઈ જ થયું નહી. પરંતુ ત્યારબાદ તરત જ મીરાએ સંસાર છોડી એકતારામાંથી નીકળતા, તુન તુન ને તુંહી તુંહી માં સરેઆમ ગજવી અંતે તન-મનને આત્મનિવેદી બનાવી દ્વારકાધીશને પામી ગયાં.

આપણે આપણો જ વિચાર કરીએ કે મંદિરના પ્રાંગણમાં આપણે તુંહી તુંહી કરી શકીએ છીએ ખરા? હા કે ના ના જવાબ પર જ આપણી સ્થિતિ જાણી લેવાની કે

“ટુન ટુનથી તુહી તુહી,
શતાનંદ મુનિ રહસ્ય સમજાવે,
બધાની ભીતર આત્મા છે,
આત્માનિવેદન જ પાર ઉતારે.”


## ભારતના રહેવાસીઓને થાળ-ભેટ, રસોઈ, દાન, ધર્માદો વગેરે સેવા માટે

https://www.swaminarayan.faith/donate/indian-resident-donors

ઉપરની લીંકનો ઉપયોગ કરીને ભુજ મંદિરમાં કરેલ સેવાની રસીદ ઈમેઈલ દ્વારા ઓનલાઈન મોકલવવામાં આવશે.

જે દાતાશ્રીઓ ઉપરની લીંકના ઉપયોગ સિવાય દાન આપવા ઈચ્છતા હોય તેમણે નીચે જણાવેલ બેંક એકાઉન્ટમાં સેવા જમા કરાવી, પોતાનું નામ, પૂરું સરનામું, મો. નંબર તથા પેમેન્ટ સ્કીન શોટ નીચે જણાવેલ ઈ-મેઈલ/વોટસએપ કરવા નમ્ર વિનંતી.

**Bank of Baroda - Bhuj**
Saving A/c No.: 03730100000012
IFS Code: BARB0BHUJXX (5th character is Zero)

**State Bank of India - Bhuj**
Saving A/c No.: 56156006293
IFS Code: SBIN0000334

**Bank of India - Bhuj**
Saving A/c No.: 380010100007828
IFS Code: BKID0003800

**Central Bank of India - Bhuj**
Saving A/c No.: 1238146931
IFS Code: CBIN0280589 (5th character is Zero)

Mandir email id: kothar@swaminarayan.faith / jadvjibhagat@gmail.com
Mandir Whatsapp No.: +91 75676 07000 (wa.me/917567607000)
વધુ માહિતી માટે કોઠારમાં 75676 08000 નંબર પર ફોન કરી સંપર્ક કરવો.

# શ્રીમદ્ ભગવદ્ ગીતા વિશ્વમાં સૌથી વધારે લોક પ્રિય શા માટે છે ?

ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી

(ભાગ -૨)

ગીતાના પહેલો સંદેશ - ગીતા કર્મની વ્યાખ્યા કરે છે - "કર્મણો હ્યપિ બોદ્ધવ્યમ્ બોદ્ધવ્યં ચ વિકર્મણઃ। અકર્મણશ્ચ બોદ્ધવ્યં ગહના કર્મણો ગતિઃ" ॥ કર્મની ગતિ -કર્મનું જ્ઞાન- કર્મને સમજવું બહુ જ કઠિન છે. કોઇ વિશેષ વ્યક્તિ હોય અથવા સાધારણ વ્યક્તિ હોય તેને રોજને રોજ કેટલાય નિર્ણય કરવા પડતા હોય છે ગીતામાં કોઇ એક મંત્ર નથી આપ્યો કે આ કરો અને આ ન કરો પરંતુ ગીતામાં આંતરિક મંત્ર આપ્યો છે. "યતઃ પ્રવૃત્તિર્ભૂતાનામ્ યેન સર્વમિદમ્ તતમ્ । સ્વકર્મણા તમભ્યંર્ચ્ય સિદ્ધિં વિન્દન્તિ માનવાઃ" । જે ઈશાવાશ્યોપનિષદમાં કહ્યું છે - "ઈશાવાશ્યમિદમ્ સર્વમ્ કિઞ્ચિત્ જગત્યામ્ જગત્ । તેન ત્યકતનં ભુઞ્જિથા મા ગૃધઃ કસ્યસ્વિદ્ધનમ્ ।" જે સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ય શક્તિ છે તેની આપણે જે કર્મથી પૂજા કરીએ છીએ ત્યારે આપણે સિદ્ધિ સુધી ગતિ કરી શકશું એનો અર્થ એવો થયો કે જે પણ આપણી ઈષ્ટ ઇચ્છા છે તે પૂર્ણ થાય છે. સાચા મનથી જે કર્મ ભગવાનને અર્પણ કરીશું તે કર્મ હમેંશાં સારૂં જ થશે. સાચા હૃદયથી કર્મ ભગવાનને અર્પણ કરતા રહેશું તો પછી ક્યારે પણ ખોટું કર્મ કરવા જશું તરતજ મનમાં વિચાર આવશે કે આ ખોટું કર્મ છે ભગવાનને કેવી રીતે અર્પણ કરી શકાશે. આવો મંત્ર ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે આપી રાખ્યો છે.

બીજો સંદેશ - એક સંસિદ્ધિ યોગની વાત કરી છે. આપણી સંસ્કૃતિમાં યોગનું બહું મહત્ત્વ છે. તેમાં પ્રમુખ ચાર યોગ છે. જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ અને રાજયોગ. આ ચારે યોગ માટે અગલ અલગ શાસ્ત્રો છે પરંતુ ગીતામાં કેવળ ૭૦૦ શ્લોક છે તેમાં આ ચારે યોગની ભગવાન શ્રીકૃષ્ણે વ્યાખ્યા કરી છે. જેમ કે જ્ઞાનયોગ - "નહિ જ્ઞાનેન સદશમ્ પવિત્રમિહ વિદ્યતે। તત્સ્વયં યોગસંસિદ્ધઃ કાલેનાત્મનિ વિન્દતિ" ॥ કેમ કે જ્ઞાનનો એટલો પ્રભાવ છે તેથી જ્ઞાનની સમાન પવિત્ર કરનાર બીજું કોઈ અન્ય સાધન નથી. ભક્તિયોગ તો ગીતામાં સર્વત્ર છે જ કર્મયોગની વાત કરી છે - કર્મેણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન । અને રાજયોગની પર્યાપ્ત વ્યાખ્યા છે. કેવી રીતે બેસવું જોઈએ, કેવીરીતે શ્વાસ લેવો જોઈએ આદિ રાજયોગ છે.

ત્રીજો સંદેશ - સંયુક્ત આશ્વાસન. ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને આશ્વાસન આપે છે - "યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ! અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥ પરિત્રાણાય સાધુનામ્ વિનાશાય ચ દુષ્કૃતામ્। ધર્મ સંસ્થાપનાર્થાય સંભવામિ યુગે યુગે" ॥ શ્રીકૃષ્ણ કહે છે કે હું વારંવાર આવીશ. આવું આશ્વાસન આપે છે. "ક્ષિપ્રં ભવતિ ધર્માત્મા શશ્વચ્છાન્તિં નિગચ્છતિ। કૌન્તેય ! પ્રતિ જાનીહિ ન મે ભક્તઃ પ્રણશ્યતિ ॥" ગીતમાં શ્રીકૃષ્ણ એક નવી વાત કરી છે. જેમ કે તમે કોઇને આશ્વાસન આપો છો ત્યારે માણસ તેને યાદ કરીને હિમ્મતમાં રહે છે તેવી રીતે શ્રીકૃષ્ણે એમ ને એમ આપણે છોડીને ચાલ્યા ગયા નથી પરંતુ આશ્વાસન આપ્યું છે અને તેનું સમયે સમયે પાલન પણ કરે છે. આવું બધા માને કે ન માને પરંતુ ભક્ત અવશ્ય માને છે. બીજી એક વાત પણ છે. જેમ

આપણને ભગવાનની જરૂર છે તેમ ભગવાનને પણ આપણી જરુર છે. મનુષ્યના સહયોગ વિના ભગવાનનું કાર્ય પૂર્ણ નથી થતું જેમ કે મહાભારતના યુદ્ધ પહેલાં શત્રુ ઉપર સુદર્શન ચક્ર ચલાવ્યું હોત તો શત્રુઓ નાશ પામ્યા હોત ને યુદ્ધ જ થયું ન હોત, પરંતુ એવું ન થયું. શ્રીકૃષ્ણે વારંવાર અર્જુનને કહે છે ઊભો થા યુદ્ધ કર. ''તસ્માત્વમુતિષ્ઠ યશો લભસ્વ જિત્વા શત્રૂન્ રાજયમ્ સમૃદ્ધમ્ । મયૈવૈતે નિહિતાઃ પૂર્વમેવ નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્ ॥'' મેં પહેલેથી સર્વેને મારી નાખ્યા છે પરંતુ તેમાં તને માત્ર નિમિત્ત બનવાનું છે. કારણ કે મનુષ્યના સંયોગ વિના ભગવાનનું કાર્ય સંપૂર્ણ થતું નથી. ભગવાન શ્રીરામને પણ લંકા ઉપર ચડાઇ કરવી હતી ત્યારે અયોધ્યાથી કોઇ નહોતું આવ્યું પરંતુ ત્યાં જે પ્રકૃતિશીલ વનવાસીઓ હતા તેઓ શ્રીરામની સાથે રહ્યા હતા. આપણાં દુર્ભાગ્ય છે કે ઉત્તરભારતમાં દરેક સાહિત્યમાં શ્રીરામની સહાય કરનાર વનવાસી મનુષ્યોને વાનર કરી દીધા છે. વાસ્તવમાં શ્રીરામની સેનામાં વાનર ન હતા એ બધા વનવાસીઓ હતા. આટલી મોટી કિષ્કિંધા રાજધાની હતી તેને ચલાવનાર એ બધા પ્રાકૃતિક જીવન જીવનાર વનવાસીઓ માનવ હતા વાનર ન હતા. માટે આ બધા વનવાસીઓનો સહયોગ લીધો ત્યારે ભગવાનનું કાર્ય પૂર્ણ થયું. તેથી આપણને એવું લાગશે કે ભગવાન શ્રીકૃષ્ણ વાંસડી વગાડતા વગાડતા ચાલ્યા ગયા છે એવું નથી પણ જે શ્રીકૃષ્ણ ભગવાને આશ્વાસન આપ્યું છે તેને યાદ કરાવીને આપણે ભગવાનને બાંધવાના છે. એનું કારણ છે સંયુક્ત સમર્પણ. સંપૂર્ણ ગીતા સમાપ્ત થાય ત્યારે અંતમાં ભગવાન સ્વયં પોતાનો એક શ્લોક બોલે છે. સર્વધર્માન્ પરિત્યજય મામેકં શરણમ્ વ્રજ . અહં ત્વા સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ! બધા મન્માન્યા ધર્મોનો ત્યાગ કરીને એક મારે શરણે આવી જા. ધાર્યતે ઇતિ ધર્મ. ધારણ કરે તે ધર્મ. કોઇક એવું સમજે જે સત્તા મને ધારણ કરે છે તેથી તે સત્તા જ મારો ધર્મ છે, તો કોઇક એવું માને છે કે વિદ્યા મને ધારણ કરે છે તેથી વિદ્યા મારો ધર્મ છે, કોઇક એવું સમજે છે કે હું ધન-સંપત્તિથી જીવું છે તેનાથી જ ધારણ કરાયેલો છું તેથી ધન-સંપત્તિ જ મારો ધર્મ છે, પરંતુ એવું નથી. અંતતો ગત્વા દૈવી શક્તિ જ બધાને ધારણ કરે છે. તેથી એજ બધાનો સાચો ધર્મ છે. એટલા માટે ભગવાન કહે છે તારા માનેલા બધા ધર્મો છોડીને મારે શરણે આવી જા. મા શુચઃ કોઇ પ્રકારનો શોક ન કર. ચિન્તા ન કર. જેમ અંધારામાં ચાલતું બાળક ડરે છે ત્યારે માતા હોય તે કહે છે - બેટા ડરીશ નહીં હું તારી સાથે છું ને. તેવી જ રીતે શ્રીકૃષ્ણ કહે છે- ''ડરીશ નહી હું તારી સાથે છું.''

ચોથો સંદેશ - તેથી ગીતાના અંતમાં શ્રીકૃષ્ણ પ્રત્યે એક શ્લોક અર્પણ કરું છે. ''કૃષ્ણ ! ત્વદીય પદ પંકજ પંજરાન્તે અદ્યૈવ મે વિશતુ માનસ રાજહંસઃ । પ્રાણ પ્રયાણ સમયે કફવાત પિત્તૌ, કણ્ઠાવરોધનવિધૌ સ્મરણં કુતસ્તે'' ॥ એમાં પ્રાર્થના કરાય છે હે ભગવાન ! કૃપા કરીને આજે જ મને અમાયિક દિવ્ય કૃપામાં લઇ લેજો કારણ કે અંતિમ સમય જ્યારે આવશે ત્યારે ન જાણે કે બોલી શકાશે કે નહીં, કેવી પરિસ્થિતિમાં હું હોઇશ, ક્યાં હોઇશ, કેવો હોઇશ. માટે હે ભગવાન ! વિલંબ ન કરો. આવા ઉત્તમ વિચારો અને ઉત્તમ જ્ઞાન ગીતામાં આપવામાં આવ્યું છે.

# ભગત ? પારકી જળસ મને ધૂળજ દેખાય છે...!



સંપ્રદાયના ઈતિહાસમાં સુરાખાચરના અને શાકોત્સવના ગામ તરીકે જાણીતું એવું ગામ છે ''લોયા'', જે ગોહિલવાડ પ્રદેશમાં ચુડા રાણપુર નજીક આવેલું છે. આ ગામમાં શ્રી હરિના એક પરમ એકાંતિક ભક્ત થઈ ગયા જેમનું નામ હતું ''પૂંજાભાઈ''. ખૂબ જ પવિત્ર આચાર અને વિચારો ધરાવતા તેઓ જ્ઞાતિએ કોળી હતા. એક વર્ષ ભયંકર દુષ્કાળ આવ્યો. તેમના વ્યવહારમાં ખૂબ જ તકલીફો ઊભી થવા લાગી. એક તો વ્યવહારે દુર્બળ હતા જ. એમાંય વળી દુષ્કાળ પડ્યો. આર્થિક સ્થિતિ ઘણી જ નબળી હતી પરંતુ આધ્યાત્મિક સ્થિતિ ઊંચી હતી. ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય પૂર્ણરૂપે ધરાવતા હતા. કથા-વાર્તા, કીર્તન વગેરે સદ્‌ગુણોથી જીવન ભરેલું હતું. ગરીબીની હાલતમાં પણ પોતાના નિત્યક્રમને જાળવી રાખ્યા હતા. પોતાની નીતિ અને નિયત બન્નેને જાળવી રાખ્યા હતા.

સમય એવો તો કપરો આવી ગયો હતો કે પેટ પૂરતું અનાજ પણ મળતું ન હતું. બાજરાના ભોથાં ખોદીને વેંચવા જતા. તેમાંથી જે પૈસા મળે તેનાથી નિર્વાહ ચલાવતા. એક વખત વિચાર આવ્યો, ''અહીં ભોથાં વહેંચાતા નથી તો પછી સુરત જેવા મોટા શહેરમાં જઈને બે પૈસા વધુ કમાઈ શકાય તો આ દુષ્કાળને તરી શકાય.'' આવા વિચાર સાથે જરૂરી વસ્તુની ગાંસડી ઉપાડીને બન્ને પતિ-પત્ની સુરત જવા નીકળ્યા. રસ્તામાં ચાલતાં ચાલતાં તેમના પત્ની કહેતાં હતાં, ''આપણે ભલે ગરીબ છીએ પણ ભગવાનનો આશરો હોવાથી ગરીબ ન કહેવાઈએ. આપણને શ્રી સ્વામિનારાયણ ભગવાન પ્રગટ મળી ગયા, સંતો મળી ગયા તેથી હવે ગરીબીનું ગાણું ગાઈને વધારે દુઃખી થવાની જરુર નથી.'' આમ સત્સંગ સંબંધી વાતો કરતા કરતા રસ્તો કાપ્યે જતા હતાં. ક્યારેક ભાવાવસ્થામાં આવીને મૂર્તિના કીર્તન પણ કેફથી ગાતા જાય છે.

**પૂર્વનું પૂણ્ય ઉદય થયું જ્યારે,**
**સ્વામિનારાયણ મળિયા રે ત્યારે,**
**નેણે મોહનવર નિરખ્યા જ્યારે,**
**પૂરણકામ થયું મારું ત્યારે... ૦૧**
**પ્રેમે કરી મંદિર પધરાવ્યા,**
**શ્યામ સુંદર વર મનડે રે ભાવ્યા.... ૦૨**
**નીરખી નારાયણ મૂરતિ જ્યારે,**
**ત્રિવિધ તાપ ટળ્યા મારા ત્યારે... ૦૩**
**કેશર ચંદન ચરચ્યું છે ભાલે,**
**હસતા સુંદર ખાડા પડે છે ગાલે .... ૦૪**
**કાનમાં કુંડળ મકરાકાર શોભે,**
**જેરામ કહે મન જોઈ જોઈ લોભે ૦૫**

હવે બન્યું એવું કે તે રસ્તે આગળ કોઈ શેઠિયાના દીકરાની જાન સુરતને રસ્તે જતી હશે. તેમાં રસ્તામાં વરરાજાના પગમાં પહેરેલું સોનાનું કળું નીકળી ગયેલું તે રસ્તામાં પડ્યું હતું. વરરાજાને કે અન્ય કોઈને તે બાબતનો ખ્યાલ ન રહ્યો. પૂંજાભક્તે ચાલતા ચાલતા રસ્તામાં તે કળું ધૂળમાં પડેલું જોયું. તેમણે પોતાના

પગથી તેના પર ધૂળ વાળી દીધી. પાછળ ચાલ્યા આવતા તેમના પત્નીએ પોતાના પતિની તે ક્રિયા જોઈ. તેમને થયું કે રસ્તામાં તેમના પતિએ ધૂળ શા માટે વાળી દીધી હશે.

**પડી વસ્તુ કોઈની હાથે નવ જાલે રાજ,**
**અક્ષરના વાસી વાલો આવ્યા અવની પર....**

આગળ જતાં એક વૃક્ષ નીચે થોડો આરામ કરવા ઊભા રહેતા પૂંજાભગતને પત્નીએ પૂછ્યું. “તમે કોના ઉપર ધૂળ વાળી ?” પૂંજાભક્તે કહ્યું, “મને એમ વિચાર થયો કે ક્યાંક તને સોનું દેખીને હાલત પ્રમાણે લોભ જાગી જાય તો ? તેથી તેના પર ધૂળ વાળી દીધી.”

તેમના પત્નીએ ખૂબ જ પ્રેરણાદાયક જવાબ આપ્યો, “ભગત, જ્યારથી શ્રી સ્વામિનારાયણ મળી ગયા છે ત્યારથી પારકી જણસ મને ધૂળ જ દેખાય છે. તમે તેને સોના સ્વરૂપે જોયું તેથી તમે તેના પર ધૂળ વાળી દીધી જ્યારે મારા માટે તો તે ધૂળ પર જ ધૂળ વાળેલી છે.” આમ વાત કરતા હતા ત્યાં બે ઘોડેસવાર આવ્યા અને પૂછ્યું, “તમે રસ્તામાં ક્યાંય સોનાનું સાંકળું જોયું છે ?” પૂંજાભક્તે કહ્યુ,== “હા, હા, અહીંથી બે ખેતરવા જશો ત્યાં ધૂળથી ઢાંકેલું દેખાશે.”

ઘોડેસવાર નવાઈ પામી ગયા અને પૂછ્યું, “તમે કળું જોયું તો પણ કેમ લીધું નહીં ? તેમણે કહ્યું, અમે તો સ્વામિનારાયણ ભગવાનના સત્સંગી છીએ. પારકી વસ્તુ લેવાનું તો શું ? તેને અમારાથી અડાય પણ નહીં.” આ નવો જ જવાબ સાંભળીને ઘોડેસવારોને બન્નેનો ગુણ આવ્યો. તેમણે જોયું કે ગરીબ છે, ફાટેલાં વસ્ત્રો પહેરેલા છે, છતાં પણ લાલચને વશ થઈને પોતાના સત્સંગીના નિયમને ચુસ્તપણે અને ખુમારીથી વળગી રહ્યાં છે. પરિસ્થિતિને વશ થઈને ધર્મને છોડ્યો નથી.

લોયાનું આ ભક્ત દંપતી સુરતની તે સમયની ઊભી બજારમાં ચાલ્યું આવે છે. થાક લાગવાથી થોડો પોરો ખાવાની ઈચ્છાથી એક દુકાનના ઓટલા આગળ ઉતારતા બોલ્યા, “હે સ્વામિનારાયણ ! ” એમ કહીને ભારી મૂકી. હવે તે ઓટલાની બાજુમાં જ શ્રી હરિના ભક્ત ભાઈચંદભાઈ શેઠની દુકાન હતી. તે આ સ્વામિનારાયણ નામ સાંભળીને બહાર જોતા જ બોલી ઊઠ્યા, “અરે પૂંજાભગત ! તમે અહીં આવી ગયા ? ” ભગત કહે, “હા બાપા ! શું કરીએ દુષ્કાળ છે તે અહિં સુધી ખેંચી લાવ્યો. અત્યારે તો બાજરાના આ ભોથાં વેંચતા વેંચતા આજીવિકા ચલાવવા આવી ગયા છીએ.

શેઠ પણ સત્સંગી જ હતા. તેમને મન પણ સત્સંગી, પ્રભુના ભક્તો એ જ સગાં અને સંબંધી હતા. તેમણે પૂંજાભગતને કહ્યું, “પુંજા ભગત, હવે તમે લોયા ન જશો. હું અહીં સુરતમાં રહેવા ઘર આપીશ અને અન્નવસ્ત્ર પણ આપીશ. તમે અહીં નિરાંતે ભગવાનનું ભજન કરજો.” પૂંજા ભગત તો રાજી રાજી થઈ ગયા. હવે દુષ્કાળની ચિંતા આજીવન ટળી ગઈ હતી.

જોયું ભક્તો ! શિક્ષાપત્રીની એક આજ્ઞા ન લોપી તો મહારાજે તેમના ભક્તને માટે અગાઉથી અન્ન, વસ્ત્ર અને આશરાની સગવડ કરાવી દીધી. તો શિક્ષાપત્રીની દરેક આજ્ઞાનું અનુસંધાન દરેક કાર્ય કરતી વખતે રાખવામાં આવે તો મહારાજ ભેળા ને ભેળા જ છે ને ! “તમારો આશ્રિત અન્નવસ્ત્રે દુઃખી ન થાય.” કેવી અપાર કરુણા કરી દીધી છે ! ભાઈચંદભાઈ શેઠની સમજણ પણ કેટલી બધી ઊંચી છે કે તેમણે સત્સંગીને પોતાના માન્યા અને પક્ષ રાખ્યો.

પૂંજાભગતની આ કથા આપણને શિક્ષાપત્રીની આજ્ઞાનું જાણપણું દરેક કાર્યમાં રાખવાનું અને ભાઈચંદભાઈ શેઠની સમજણ આપણને ઉદાહરણપૂર્વક સત્સંગીનો પક્ષ રાખીને સહાયરૂપ થવાનું શીખવી જાય છે. આપણે પણ શ્રીજી મહારાજને પ્રાર્થના કરીએ. “હે મહારાજ ! અમને પણ પૂંજા ભગત અને ભાઈચંદભાઈ શેઠના જેવી સમજણ આપજો.”

# ...એથી કાંઈ આપણો સત્સંગ છોડી દેવાય?



જેવા દેવની ઉપાસના કરવામાં આવતી હોય, તેવા ગુણ-અવગુણ-લક્ષણ વગેરે ઉપાસકના વિચાર, વર્તન તથા ભાષામાં જોવા મળે છે. શક્તિના ઉપાસકોના આચાર, વિચાર, વિહાર, વ્યવહાર વગેરેમાં રૂક્ષતા, હિંસા, વ્યસનો વગેરે જોવા મળે છે. તેમની ભાષામાં કોમળતા અને તેમજ વિવેકનો અંશ જોવા મળતો નથી. રામ-શ્યામ કે ઘનશ્યામના ઉપાસકોમાં આ બાબતો જોવામાં આવતી નથી. શક્તિની પૂજા કરનારા લોકોને ખોરાકમાં કાંઈપણ વર્જ્ય હોતું નથી. તેમના યજ્ઞો એટલે હિંસાનું વરવું રૂપ હોય છે. જ્યારે સ્વામિનારાયણના ઉપાસકો, અનુયાયીઓ માટે અખાજ, અપેયની યાદી હોય છે કે આ ખવાય, આ ન ખવાય, આ પિવાય, આ ન પિવાય, હિંસાનો તો સમૂળો નિષેધ હોય છે. શક્તિપંથીઓની જ્ઞાતિ ગમે તે હોય, તેમાંય વળી વામમાર્ગી હોય તો તેઓ સાત્ત્વિક જીવન જીવતા લોકો પ્રત્યે વૈરવૃત્તિ ધરાવતા હોય છે. ખાસ કરીને સ્વામિનારાયણીય સંતો, હરિભક્તો પ્રત્યે તેમના મનમાં ખૂબ જ દ્વેષ ભરેલો હોય છે. નીચે વર્ણવેલ ઘટના પણ આવી જ બાબત પર પ્રકાશ પાથરે છે.

સૌરાષ્ટ્રનાં ઉપલેટા તાલુકામાં ભાયાવદર ગામ આવેલું છે. તેમાં સ્વામિનારાયણના સત્સંગી વિપ્ર લીલીબાઈ રહેતાં હતાં. તેઓ પૂર્ણરૂપે શ્રીહરિનાં આશ્રિત હતાં. તેમણે તેમના પુત્ર નાનાલાલમાં પણ બચપણથી જ સત્સંગના સંસ્કારોનું સિંચન પૂર્યું હતું. ભાયાવદરમાં રહેતા શક્તિપંથી વિપ્રો સમસ્ત ગામના હરિભક્તોને અતિ પરેશાન કરતા. બધા શ્રીજીમહારાજના દ્વેષી હતા. ભાયાવદરમાં તો શ્રીહરિએ ખૂબ જ સત્સંગ કરાવેલો. સત્સંગ સમાજ શ્રીહરિએ આપેલી સમજણમાં દૃઢ હતો. સૌ મહારાજની ભક્તિમાં મગ્ન રહેતા. જે બાબત દ્વેષીજનોને આંખ કણાની માફક ખટકતી.

આ દ્વેષની હદ તો ત્યારે આવી ગઈ કે એક વખત સર્વે શક્તિપંથી બ્રાહ્મણો આગેવાન સત્સંગીઓને ઘરે આવીને ધમકીના સ્વરમાં ઠપકો આપી ગયા. "અમે સૌ તમને ચેતવીએ છીએ કે જો સ્વામિનારાયણને ભાયાવદર ગામમાં બોલાવશો, તેમના સંતોને ઉતારો આપશો તો તમારે ભોગવવાનું રહેશે, તમારી ખેર નથી." સત્સંગીઓ મૂંઝાઈ ગયા કે હવે આપણે શું કરીશું ? લીલીબાઈ બોલ્યા, "આપણે ગામમાં વેર ઊભું થાય તો ભલે થાય પણ એથી કાંઈ આપણો સત્સંગ થોડો છોડી દેવાય ! પણ તમે સૌ શાંતિ અને ધૈર્ય ધારણ કરો અને ચિંતા છોડી દ્યો."

એક વખત શ્રીહરિએ પોતાના વિચરણ દરમ્યાન ભાયાવદર આવવાનો નિર્ણય કર્યો અને ત્યાંના સત્સંગીઓને ઉતારાની વ્યવસ્થા કરવાનું કહેવડાવી દીધું. સૌ સત્સંગીઓએ સમાચાર લીલીબાઈને આપ્યા તેમણે જણાવ્યું, "આ મારું ઘર છે જ ને! શ્રીહરિના ઉતારાની તમે કોઈ પણ પ્રકારની ચિંતા ન કરો. ગામના દ્વેષીઓથી ભય પામવાની જરૂર નથી."

ત્યારબાદ લીલીબાઈએ પોતાના દીકરા નાનાલાલને કહ્યું, "જો ભાઈ, તારી નોકરી ગામના પસાયતા (ચોકીદાર)ની છે. મહારાજ આપણે ગામ

પધારવાના છે. ગામના દ્વેષીઓએ ધમકી આપેલી છે જ હવે તારી જવાબદારી છે કે ગામલોકો કાંઈ અડપલું ન કરે, નહીંતર આપણી સત્સંગીઓની આબરૂ ધૂળમાં મળી જશે.''

શ્રીજીમહારાજના આગમનની ખબર દ્વેષીઓને મળતા તેમણે ચર્ચા શરૂ કરી દીધી. તેમની ચણભણથી વાકેફ થઈને નાનાલાલે તે બધા જ્યાં ભેગા થયેલા ત્યાં રૂબરૂ જઈને કડક ભાષામાં કહી દીધું, ''અમારા ગુરુ શ્રી સ્વામિનારાયણ ભગવાન સંતો - હરિભક્તો સાથે પધારવાના છે. આ પ્રસંગે જો તમારામાંથી કોઈપણ અપમાન જનક પ્રવૃત્તિ કરશે. કોઈપણ કાંઈ અઘટિત બોલ બોલશે, તો હું જરાપણ સાંખી લઈશ નહીં. તમારી આવી લુખ્ખી દાદાગીરી બંધ કરી દેજો. આવી ચર્ચા કરવા ભેગા પણ થશો નહીં. નહીંતર તમો બધાને કદિ ન ભૂલાય એવો પાઠ મારે ભણાવવો પડશે. અમારા ગુરુ સ્વામિનારાયણ ગામમાં પધારે એમાં તમને શી બાબતની ચૂંક આવે છે ? તમારા ગુરુ આવે ત્યારે અમે કાંઈ કહેતા નથી. આટલામાં જ સમજી જજો. હું અને ઝીણાભાઈ હથિયાર બાંધીને જ નીકળવાના છીએ. કોઈ જાતની ગડબડ ઊભી કરતા નહીં. આ ચેતવણી છે. સાનમાં સમજી જજો. પછી ભલે જે થવું હોય તે થાય.''

નાનાલાલના શબ્દોમાં ટપકતી શૂરવીરતા, ખુમારી સ્વામિનારાયણ પ્રત્યેની શ્રદ્ધા અને નિષ્ઠાથી દ્વેષી લોકોના હૃદયમાં ભયનું મોજું પસાર થઈ ગયું. એમાંથી કોઈની પણ નાનાલાલ સામે જોવાની હિંમત થઈ જ નહીં. બધા હાલતા થઈ ગયા.

શ્રીજીમહારાજ સંતો સહિત ભાયાવદર પધાર્યા. ભવ્ય સામૈયું કરવામાં આવ્યું. મહારાજ લીલીબાઈને ઘરે ઉતારે પધાર્યા. સભા થઈ. મહારાજે સૌને ઉપદેશાત્મક વાતો કરીને ખૂબજ સુખ આપીને રાજી કર્યા. લીલીબાઈ તથા તેમની પુત્રવધૂ રાજબાઈએ ખૂબ જ કાળજીપૂર્વક બધી વ્યવસ્થા જાળવી.

એ અરસામાં શ્રીહરિએ વડતાલમાં મોટા ઉત્સવની શરૂઆત કરી. નાનાલાલ તથા જાદવાભાઈ એ ઉત્સવમાં સેવા કરવા આવી ગયા. સમૈયો પૂરો થતાં, બંને શ્રીહરિ પાસે રજા લેવા ગયા. શ્રીહરિએ પૂછા કરતાં જાદવજીભાઈએ કહ્યું કે તેઓ અમદાવાદમાં થોડી ખરીદી કરવાની હોવાથી ત્યાં થઈને જશે. શ્રીહરિએ તેમને તે માર્ગે જવાની મનાઈ કરતાં ચેતવ્યા. ''તે મારગે જીવનું જોખમ છે માટે બીજે મારગે થઈને જજો.''

જાદવજીભાઈએ ખરીદીની લાલચને વશ થઈને મહારાજની વાત ન માની. પરિણામ એ આવ્યું કે બંને લૂંટારાઓ દ્વારા અમદાવાદથી દશેક ગાઉં દૂરના રસ્તે ઝાડીમાં તેઓ લૂંટાઈ ગયા એટલું જ નહીં, જીવ પણ ખોયો.


આ અંગે જાત તપાસ કરવા પંદરેક દિવસ રાહ જોયા બાદ લીલીબાઈ ગઢપુર ગયાં. મહારાજને પૂછતા મહારાજે કહ્યું, ''અમને ચોક્કસ ખાતરી છે કે રસ્તામાં તેમને લૂંટારાઓએ લૂંટીને મારી જ નાખ્યા છે.''

તેમને સમાધિ કરાવીને ખાત્રી કરાવી કે તેમનો દીકરો નાનાલાલ અક્ષરધામમાં શ્રીહરિની સેવામાં રહ્યો છે. આમ લીલીબાઈનું ચિત્ત વિરામને પામ્યું. તેઓ ગઢપુરથી ભાયાવદર શાંત, ચિત્તે પાછા ફર્યા. શ્રીહરિના કહેવા પ્રમાણે ભાયાવદરના સત્સંગીઓએ બંને સાસુ-વહુનાં અન્ન-વસ્ત્ર-ધન-પાણીની જવાબદારી લઈ લીધી. બંને સ્ત્રીઓ શ્રીહરિના ભજન ભક્તિમાં નિમગ્ન રહેવા લાગ્યાં.

નાનાલાલ ધામમાં ગયા પછી બરાબર છ માસ બાદ લીલીબાઈ પણ અક્ષરધામ નિવાસી થયાં. અને તેમના પછી છ માસ નાનાલાલના ધર્મ પત્ની રાજબાઈ પણ અક્ષર નિવાસી થયા. તેમની સર્વ મિલકત જૂનાગઢ રાધારમણ દેવનો અર્પણ કરવામાં આવી. ભાયાવદરમાંના એમના નિવાસ સ્થાને સ્થાનિક સત્સંગીઓએ સ્વામિનારાયણ મંદિર બનાવ્યું.

# ગંગા ઉત્પત્તિ

ભારતવર્ષના અતિ પવિત્ર નદી, હિમાલયના ૧૩૬૦૦ ફૂટ ઊંચા ગૌમુખ સ્થાનથી વહે છે. ગંગાની ઉત્પત્તિ કથા આવી છે.



સગરરાજાએ અશ્વમેધ યજ્ઞ કર્યો. તેમાં ઘોડો છૂટો મૂક્યો. આ છૂટો મૂકેલો ઘોડો શોધવા સગરરાજાના સાઠ હજાર પુત્રો કપિલમુનિના આશ્રમમાં ગયા. કપિલજી તો ધ્યાનમાં બેઠા હતા તેમને ઘોડા અંગે કોઇ જાણકારી ન હતી. સગરરાજાના પુત્રોએ કપિલમુનિને તે અંગે પૂછ્યું. પણ કપિલમુનિ નિરુતર રહ્યા તેથી રાજકુંવરોએ તેમનું અપમાન કર્યું. મુનિએ આંખ ખોલીને ક્રોધથી દ્દષ્ટિ કરી તો સગરરાજાના તમામ સાઇઠ હજાર પુત્રો એક ક્ષણમાં ભસ્મ થઇ ગયા.

સગરરાજાને આ વાતની ખબર પડી તે ઋષિના આશ્રમે આવ્યા. ઋષિના પગમાં પડી માફી માંગી અને પુત્રોનો ઉદ્ધાર કરવા માટે પ્રાર્થના કરી. ત્યારે કપિલજી બોલ્યા, ‘‘જો સ્વર્ગની ગંગા પૃથ્વી પર પધારે અને તેના જળનો સ્પર્શ આ કુંવરોની ભસ્મને થાય તો તેઓનો મોક્ષ થશે. માટે ગંગાને સ્વર્ગમાંથી પૃથ્વી પર લાવવાનો પુરુષાર્થ કર.’’

સગરરાજા તો વૃદ્ધ થયા હતા. તેથી તેમના પુત્રના પુત્ર અંશુમાને તપ નો આરંભ કર્યો. પણ તેની પૂરી જિંદગી તપમાં વીતિ ગઇ તોય કાંઇ ન થયું. તેના પછી તેના પુત્ર દિલિપે પણ આજીવન તપ કર્યું. પણ ગંગાજી તોય ન પધાર્યાં છેવટે તેના પુત્ર ભગીરથે ઘોર તપ કરતા ગંગાજી પૃથ્વી પર પધારવા સંમત થયાં.

ગંગાજીએ ભગીરથને પોતાની સમસ્યા કહી ‘‘જો હું સ્વર્ગમાંથી પૃથ્વી પર ઉતરીશ તો મારો પ્રચંડ વેગ ધરતીને ચીરીને સીધો પાતાળમાં જતો રહેશે માટે મારા વેગને ઝીલી શકે તેવું પાત્ર તૈયાર કર. વળી મારામાં સૌ પાપ ધોશે તેથી હું અપવિત્ર થઇ જઇશ તો મારા પાપ ધોવા તું કયો ઉપાય કરીશ ?’’ (ભાગવતના ૯ સ્કંધમાં ૯ અધ્યાયમાં આવતી આ કથા બહુ રુચિકર છે.)

ભગીરથ કહે છે, હે માતા ! આપના વેગને ઝીલવા હું શંકરને પ્રસન્ન કરીશ.

આપના અપવિત્ર જળને પવિત્ર કરવા પરોપકારી સંતો પૃથ્વી પર છે જેઓ આલોક-પરલોકની ધનસંપત્તિ અને સ્ત્રી-પુત્રોની કામનાનો ત્યાગ કરી દીધો છે. જેઓ સંસારથી વિરક્ત થઇ પોતાના સ્વરૂપમાં શાંત છે જેઓ બ્રહ્મનિષ્ઠ એવા પવિત્ર સંતોના ચરણસ્પર્શમાત્રથી આપના પાપોનો નાશ થઇ જશે.

આ સાંભળી ગંગાજી પૃથ્વી પર આવવા સંમત થયા. ભગીરથે શિવજીને પ્રસન્ન કર્યા. ગંગાજી જેવા સ્વર્ગમાંથી પ્રગટ્યા કે તરત જ શંકરે તેમને પોતાની જટામાં ઝીલી લીધાં. ભગીરથે ગંગાજીને મુક્ત કરવા વિનંતી કરી. શંકરની જટામાંથી ગંગાજીની સાત ધારા છૂટી આગળ ભગીરથનો રથ અને રસ્તો બતાવતા ભગીરથે ગંગાજીને પોતાની પાછળ દોરાવા જણાવ્યું. આગળ ભગીરથ અને પાછળ ગંગાજી આને કારણે

ગંગાને 'ભાગીરથી' એવું એક નામ મળ્યું.

આગળ જતાં માર્ગમાં વચ્ચે જહ્નુંઋષિનો આશ્રમ આવ્યો, ભગીરથે ઋષિને વિનંતી કરી પણ ગંગાએ અભિમાનમાં ઋષિના આશ્રમને વહેવડાવી દેવા પહેલ કરી. ઋષિ ગંગાનો ઘમંડ પારખી ગયા અને સમગ્ર ગંગાને આચમનમાં પી ગયા.

ભગીરથ પુનઃ મૂંઝાયા તેમણે ઋષિને પોતાની સાધના અને પૂર્વજોની કથા કરી. ઋષિને દયા આવી તેમણે પોતાની જંઘામાંથી ગંગા પ્રગટ કરી તેથી તે જાહ્નવી પણ કહેવાઇ.

બ્રહ્મવૈતર્ત પુરાણ, હરિવંશ, મહાભારત અનુશાસનપર્વ અને સ્કંધપુરાણમાં પણ થોડા પાઠાંતર સાથે ગંગાની આ કથા વર્ણવામાં આવી છે.

ભારત અને બાંગ્લાદેશમાં થઇને વહેતી આ ગંગાનદી ૨૫૦૦ કિ.મી.લાંબી છે. પોતાના જન્મસ્થાનથી સમુદ્ર સુધી પહોંચતા ગંગાનદી ઉત્તરાખંડ, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ અને પ.બંગાળમાંથી પસાર થાય છે. બંગાલના અખાતમાં દર સેકન્ડે ૭૦૦૦૦ ઘનમીટર પાણી ઠાલવતી ભારતની સૌથી મોટી નદી છે.

ગંગાકિનારે હરિદ્વાર, કાનપુર, પ્રયાગરાજ (અલાહબાદ),વારાણસી, મિરજાપુર, પટણા, ઋષિકેશ, ભાગલપુર, કલકત્તા અને બીજનોર જેવા મોટા શહેરો વસેલા છે.

આ નદીમાં સ્નાન કરવાથી પાપ નાશ થાય છે એવું હિન્દુમાત્ર માને છે. દરરોજ સાંજે કાશી, ઋષિકેશ અને હરિદ્વારમાં ગંગા આરતીનું ભવ્ય આયોજન થાય છે.

હિમાલયની અનેક ઔષધિઓમાંથી ગળાઇને આવેલું ગંગાજળ સ્વાસ્થ્ય માટે હિતકારી છે. આજે પણ ગંગાજીનું પાણી વર્ષો સુધી જંતુમુક્ત રહે છે.

# નિર્જલા એકાદશી



ભીમસેન પૂછ્યું, ''હે પિતામહ ! હે વ્યાસજી ! આ મારા ચારે ભાઈઓ, માતા કુંતાજી અને દ્રૌપદીજી ક્યારેય એકાદશીને દિવસે ભોજન કરતા નથી, પણ મારાથી ભૂખ વેઠી શકાતી નથી. તેથી વગર ઉપવાસે એકાદશીનું ફળ મળે તેવો ઉપાય બતાવો.''

એવું ભીમસેનનું વચન સાંભળી વ્યાસજી બોલ્યા કે, જો તને સ્વર્ગ વ્હાલું અને નરક અનિષ્ટ હોય તો બન્ને પક્ષની એકાદશીઓએ (અન્ન) ભોજન કરવું નહીં.

ભીમસેને કહ્યું, હે પિતામહ ! દિવસમાં એક વખત ભોજન પર રહેવા હું અસમર્થ છું. તો પછી બન્ને વખત ઉપવાસ કેમ કરી શકું ? કારણ કે મારા પેટમાં વૃક નામનો અગ્નિ છે, જેથી ખાધા વગર રહી શકાય તેમ નથી. જેથી કોઇ એવો ઉપવાસ કહો કે મારું કલ્યાણ

થાય.

વ્યાસજીએ કહ્યું, હે ભીમ ! મનુસ્મૃતિ અને વેદમાં કહેલા ધર્મો તેં સાંભળ્યા, તે સઘળા આ કળીયુગમાં પાળી શકાય તેવા નથી. તેથી ઓછા ખર્ચમાં સુખેથી થઇ શકે તેવું વ્રત સાંભળ.

બેય પક્ષની એકાદશીઓને દિવસે નિરાહાર રહે છે તેને નરક ભોગવવું પડતું નથી, આવાં વચનો સાંભળી ભીમ ભયથી કહેવા લાગ્યો, હે પિતામહ ! ઉપવાસ કર્યા વગર ઘણું ફળ થતું હોય તેવું વ્રત મને કહો.

વ્યાસજીએ કહ્યું, જ્યેષ્ઠ સુદ એકાદશીનું પ્રયત્ન પૂર્વક વ્રત કરવું. તેમાં સ્નાન અને આચમન સિવાય જળનો સંબંધ રાખવો નહીં. જે માણસ એકાદશીના સૂર્યોદયથી બારસના સૂર્યોદય સુધી જલપાન પણ કરતો નથી તેને પ્રયત્ન વિના સઘળી એકાદશીનું ફળ મળે છે. બારસને દિવસે પ્રાતઃકાળે સ્નાન કરી બ્રાહ્મણને વિધિથી જળ અને સુવર્ણ આપી ભોજન કરાવ્યા પછી નિયમથી પોતે ભોજન કરવું.

હે ભીમસેન ! વિધિથી એકાદશીનું વ્રત કરવાથી આખા વર્ષની સઘળી એકાદશીનું ફળ પ્રાપ્ત થાય છે. આ વાત સાક્ષાત્ નારાયણે મને કહેલી છે. જ્યેષ્ઠ સુદી એકાદશીએ નિર્જળ વ્રત કરવાથી સઘળાં તીર્થની યાત્રા, દાનથી પણ અધિક ફળ મળે છે. ધન, ધાન્ય, પુત્ર એ બધાને આપનારી છે. એકાદશીને દિવસે નિર્જળ ઉપવાસ કરવાથી કાળા, યમદૂતોનાં દર્શન થતાં નથી, પણ પીળાં વસ્ત્ર પહેરનારા, ચક્રને ધારણ કરનારા વિષ્ણુદૂતો આવે છે.

હે જનમેજય ! એવાં વ્યાસજીનાં વચનો સાંભળી એકાદશીને દિવસે પાંડવો સહિત ભીમસેને પણ નિર્જળવ્રત કર્યું. તેથી આ એકાદશી ભીમ અગિયારસ નામથી પ્રસિદ્ધ થયેલી છે.

હે દેવેશ ! સ્ત્રી અથવા પુરૂષ જે કોઇ આ એકાદશીનું વ્રત કરે તેનાં મેરુ પર્વત જેવડાં મોટાં મોટાં પાપો પણ બળીને ભસ્મ થઇ જાય છે. પોતાની શક્તિ પ્રમાણે વસ્ત્ર વડે વીંટેલા અને તેમાં થોડું સુવર્ણ નાખી, જળકુંભનું સુપાત્ર બ્રાહ્મણને દાન કરવું, આ દિવસે કરેલું દાન, જપ, હોમ બધું જ અક્ષય થાય છે. 'એમ શ્રીકૃષ્ણે કહ્યું છે.'

હે રાજન્ ! જે માણસ એકાદશીને દિવસે અન્ન ખાય છે તે આલોકમાં ચંડાલ થાય છે. અંતે નરકમાં પડે છે. નિર્જલા એકાદશીનું વ્રત કરવાથી બ્રહ્મહત્યા કરનાર, મદ્યપાન કરનાર, ચોરી કરનાર, બ્રાહ્મણનો દ્રોહ કરનાર પણ સર્વ પાપોથી મુક્ત થાય છે.

હે રાજન્ ! નિર્જલા એકાદશીને દિવસે શ્રદ્ધા રાખવી, નારાયણનું પૂજન કરવું, બ્રાહ્મણોને વિવિધ પ્રકારનું ભોજન કરાવવું, ઉત્તમ દક્ષિણા આપી પ્રસન્ન કરવા. જો બ્રાહ્મણો પ્રસન્ન થાય તો સાક્ષાત્ નારાયણ પણ પ્રસન્ન થાય છે. જે માણસો આ એકાદશીને દિવસે ઉપવાસ કરે છે. નારાયણનું પૂજન કરે છે. દાન આપે છે. રાત્રે જાગરણ કરે છે. તેના સેંકડો વંશજો વૈકુંઠ ધામમાં જાય છે. એકાદશીને દિવસે સુપાત્ર બ્રાહ્મણને અન્ન, વસ્ત્ર, શૈય્યા, ગાય, આસન અને કમંડલનું દાન કરનાર અવશ્ય વિમાનમાં બેસીને સ્વર્ગમાં જાય છે. જે આ કથા ભાવથી સાંભળે, સંભળાવે તે સ્વર્ગને પામે છે. જે માણસ સર્વપાપોનો નાશ કરનારી એકાદશીનું વ્રત કરે છે, તે સર્વ પાપોથી મુક્ત થઇ મોક્ષપદને પામે છે.

આવી રીતે મહાભારતમાં અને પદ્મપુરાણમાં જ્યેષ્ઠ શુક્લ પક્ષની નિર્જલા એકાદશીનું માહાત્મ્ય કહેલું છે.

# કીર્તન વિવેચન

બીજે દિવસે શ્રીજીની આજ્ઞા થતા મુક્તાનંદ સ્વામી અને દરબાર શ્રી અભેલ ખાચર સાથે બ્રહ્માનંદ સ્વામી પોતાના પિતાશ્રીને ઉતારે જઈ મળ્યા. એ વખતે સહુ પુરુષવર્ગ સ્વામી ને વીંટાઈ વળ્યો. સામી બાજુની ઓસરીના ઘેર ઉપરથી માતાજી શ્રી લાલુબાદેવી વિગેરે સહુ બાઈઓ એ સ્વામીશ્રીને નમસ્કાર કર્યા. સ્વામીશ્રીએ પણ પોતાના માતૃશ્રી ને બે હાથ જોડી વંદન કરી જય સ્વામિનારાયણ કર્યા. પછી શંભુદાનજી સ્વામીને સંબોધીને કહેવા લાગ્યા, આપ અમારા (વૃદ્ધ માતા-પિતા) ઉપર દયા લાવી અમારી સેવા કરવા હવે ઘરે પધારો. ત્યાં રહીને પ્રભુભજન કરજો. વળી તમારું સગપણ કરેલું હોવાથી કન્યા ઉંમર લાયક હોઈને તે અમારા સાથે અહીં આવ્યાં છે. તેમની સાથે લગ્ન કરી ગૃહસ્થાશ્રમ આરંભો. અમો શ્રીજી મહારાજ પાસે વિનંતી કરી તમોને ઘરે તેડી જવાની આજ્ઞા મેળવી દેશું. વેવાઈના બીજા નાના પુત્રી પણ તમારા યશોગાન સાંભળી તમને જ વરવાની પ્રતિજ્ઞા લઈને બેઠા છે. એટલે સગપણ થયેલ કન્યા અને તેના નાના બેનની ઈચ્છા પૂરી કરવા તેમજ અમારી વૃદ્ધાવસ્થા ધ્યાનમાં લઈને તમો ઘેર (ખાણ ગામે) આવવાની હા કહો એ સાંભળી સહુ સગા વ્હાલાઓએ પણ શંભુદાનજીની વાતને પૂર્ણ ટેકો આપ્યો.

સ્વામીશ્રીને ધર્મસંકટ આવ્યું. શું જવાબ દેવો? એક બાજુ પૂર્વાશ્રમનો કુટુંબી પ્રેમ, વૃદ્ધ માતા-પિતાની સેવા કરવાનો પુત્રધર્મ પોતા પ્રત્યે પિતાનો અનહદ વાત્સલ્ય પ્રેમ, સગપણ થયેલા દેવકન્યાની પરિસ્થિતિ, વગેરે, બીજી બાજુ સાક્ષાત્ પ્રગટ ભગવાન મળ્યા તેનો ત્યાગ કેમ થાય? સહુથી શ્રેષ્ઠ એવી પરમહંસની દીક્ષા તજી શ્વેતાંબરી થવું, અભય નૃપના અક્ષર તુલ્ય આંગણાની દિવ્ય સભાનો ત્યાગ કરીને એક નાનકડા ખાણ ગામના ચોરામાં ચારણ ડાયરો સાથે બેસી યાચક વૃત્તિની જિંદગી ગુજારવી આવા અનેક તર્ક-વિકર્ત થતાં પોતાના અંતરઆત્માની પ્રેરણા મળતાં એ પ્રશ્નનો જવાબ પોતે નીચે લખ્યા કીર્તનથી પિતાશ્રી આદિ સહુ સંબંધીનેઓને સંભળાવ્યો.

બ્રહ્મમુની કહે છે કે, પિતાશ્રી સાંભળો સગપણ કયું સાચું? આ? કે તે? આ એક જ કાવ્ય સાંભળી લ્યો તેમાં મારા અંતરની ઊર્મિઓ હું વ્યક્ત કરી દઉં છું. આપ સહુ વિચારવંત અને કવિ છો તેથી એ સમજજો એમ કહીને નીચેનું કીર્તન ગાયું

ગરબી પદ ૧

રે સગપણ હરિવરનું સાચું, બીજું સર્વે ક્ષણભંગુર કાચું, ટેક
રે સહુ સાથે પ્રીતિ ટાળી, ભાગ્યું મન મિથ્યા ભાળી,
છે વરવા જેવા એક વનમાળી, રે સગપણ હરિવરનું સાચું,
રે સ્થીર નહિં આવરદા થોડી, રે તુછ જાણી આશા ત્રોડી,
મેં જગના જીવન સાથે જોડી, રે સગપણ હરિવરનું સાચું,
રે ફોગટ ફેરા ન ફરીએ, રે પર ઘેર પાણી શું ભરીએ,
જો વરીએ તો નટવરને વરીએ, રે સગપણ હરિવરનું સાચું,
રે ભૂધર ભેટયા ભય ભાગ્યો, મેં સહુ સાથે ત્રોડો ધ્રાગો,
એ રસિક રંગીલાથી રંગ લાગ્યો, રે સગપણ હરિવરનું સાચું,

રે એવું જાણી સગપણ કીધું, રે મ્હેણું તો શિર ઉપર લીધું
બ્રહ્માનંદનું કારજ સીધ્યું, રે સગપણ હરિવરનું સાચું.

જેમ મનુષ્યના મરણ પછી તેના બારમાને દિવસે લોકો ગડહો માળ ભરે છે. એટલે પાણીના ચાર ઘડાઓ ભરીને તેને કાચા સૂતરના દોરીની માળા વીંટી, કોડિયામાં દીવો સળગાવી તે દોરાને દીવાથી બાળી તોડી નાખી કહે છે કે, તૂટ્યો તાંતો ને છૂટ્યો નાતો, એ લોકોકિતને સ્વામીએ કીર્તનમાં કહે છે. પિતાજી? મેં તો શ્રી હરિના સગપણને સાચું જાણી બધાંથી પ્રીતિ તોડી, સંસાર મિથ્યા ભાળી, અને ભગવાન સત્ય જાણી, (જગત મિથ્યા બ્રહ્મ સત્ય જાણી) ને હું તો વનમાળીને વરી ચૂકેલ છું. આ શરીરની અલ્પ આયુષ્ય હોવાથી બધી આશા તૃષ્ણાનો ત્યાગ કરી જગતના જીવન રૂપ શ્રીજી મહારાજને જાણી, તેમના સાથે મેં મારું મન જોડી દીધું છે .જેથી શ્રી હરિનું જ સગપણ સાચું છે. ફોગટીયા ફેરાફરી પારકા ઘરના પાણી ભરવા કરતાં એક નટવરને જ વરવું તે સારું છે. હવે તો ભગવાન મળતાં જન્મ મરણનો ભય ભાંગી ગયો છે, અને મેં તો સહુ સાથે એટલે આ દેહના સગા સંબંધીઓનો સંબંધરૂપી ધ્રાગો (દોરો) તોડી નાખ્યો છે. માટે શ્રી હરિનું  સગપણ સાચું છે અને શ્રી હરિ એક જ સત્ય છે! એમ જાણી મેં તેનાથી જ સગપણ કરેલ છે. લોકો કહે છે કે બાવો થઈ ગયો, એ મહેણું જાણવા છતાં એ માથે લીધું છે, મારું તો સંપૂર્ણ કારજ સિદ્ધ થયું છે એટલે હું તો પૂરણકામ થયો છું એથી શ્રી હરિનું સગપણ સાચું છે. બીજું જૂઠું છે એમ કહીને બીજા પદની ત્રીજી અને ચોથી કડીઓમાં સ્વામી કહે છે કે..

રે શીરપર જો બીજો ધારૂં, રે તો બગાડે જીવન મારું,
હું જીતી બાજી હવે કેમ હારું, રે લગની તો હરિવરથી લાગી,
રે હરિ વિના બીજાને વરવું, તે ગજ તજી ખર ચડીને ફરવું,
એ જીવ્યાથી રૂડું મરવું, રે લગની તો હરિવરથી લાગી,
પછી ત્રીજા પદમાં સ્વામી વીર રસમાં આવી જઈને કહે છે કે
રે પહેલું જ મનમાં ત્રેવડીએ, હોરે હોરે યુદ્ધે નવ ચડીએ,
જો ચડીએ તો કટકા જ થઈ પડીએ, રે શીર સાટે નટવરને વરીએ,
રે રંગ સહિત હરિને રટીએ, હાક વાગે પાછા નવ હટીએ,
બ્રહ્માનંદ કહે ત્યાં મરી મટીયે રે શીર સાટે નટવરને વરીએ.

પિતાશ્રી શંભુદાનજીએ બધું સાંભળીને કહે છે કે, હે પુત્ર આપણી ચારણ જ્ઞાતિ બહુ જ ચતુર અને વિચિત્ર છે, તે તમો ક્યાં નથી જાણતા? તેથી જ્ઞાતિજનો તેમજ અન્ય લોકો આપણાં ઘરને વગોવશે મેણાં દેશે, ન બોલવાનું બોલી અમો વૃદ્ધને પજવશે, વળી તમારું સગપણ કરેલી કન્યા ઉંમરલાયક હોવાથી કદી આપણા જ ગામમાં આપણી ડેલી સામેની ડેલીમાં પરણાવી દેશે અને કહેશે કે દીકરો બાવો થઈ જતાં કન્યા બીજે દેવી પડી તેમ કહી અમારી જિંદગીને ધૂળમાં નાખશે. એ મેણાં એ લોકલાજ અમો વૃદ્ધ કેમ સહન કરી શકીશું? એમ બોલતાં બોલતાં તેઓ ગળગળા થઈ ગયા.

આ જોઈને સ્વામી તેનો ઉત્તર હવે ચોથા પદની કડી બીજીમાં આપે છે કે.

"જેમ ગજ જાય બજારે ઘશી, શ્વાન મરે બહુ ભસીરે ભસી,
તેની હાથીને નહીં શંકરે કશી, રે ધરિયા અંતર ગિરિધારી"

વળી સતી સ્ત્રીનો દાખલો આપીને કહે છે કે પતિ સાથે સતી બળવા જાય અને ચિતામાં બળી જવાની બીકથી પાછી ઘરે આવે, તો તે સ્ત્રી પછી સતી મટીને કુતિ કહાવે માટે હે પિતાજી! હું તો ભગવાનને વરવા માથું હાથમાં લઈને ચાલેલ છું. મને નાત-જાત લોકલાજ કોઈની લેશ માત્ર શંકા નથી ભલે જેમ જેને કહેવું હોય તેમ તે કહે મેં તો બધી બીકને બહાર કાઢી મેલી છે તેમ કહીને છેલ્લા પદની છેલ્લી કડીમાં કહ્યું જે

રે બ્રહ્માનંદ એમ વિચારી રે બીક સર્વે કાઢી બારી
મને મળીયા મોહનવર સુખકારી રે, ધરિઆ અંતર ગિરધારી.

એ રીતે મેં તો સંપૂર્ણ વિચાર કરીને સર્વે સુખના ભજનરૂપ એવા મનમોહન સુંદરને હું વરી ચૂકેલ છું. ભગવાન સહુને સન્મતિ આપશે માટે લ્યો જય સ્વામિનારાયણ એમ કહીને સ્વામી ત્યાંથી ઉઠી ચાલ્યા ગયા.

---

## શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજ દ્વારા પ્રકાશિત ગ્રંથ માહિતિ

# શ્રીમદ્‌ભાગવત પંચમ સ્કન્ધ

ભગવાન વેદવ્યાસ રચિત શ્રીમદ્‌ભાગવતના ૧૨ સ્કંધ છે. સંપૂર્ણ ભાગવત શ્રી સ્વામિનારાયણ




ભગવાનને શિક્ષાપત્રી તથા વચનામૃતમાં ક્યા મુજબ ૮ સચ્છાસ્ત્રો માન્ય કર્યા છે, તેમાં આ શાસ્ત્રનો સમાવેશ કરાયો છે. દરવર્ષે ભાગવત્ સાંભળવું અને ભણેલ હોય તેમને વાંચવાનું એવી આજ્ઞા આપેલ છે. શ્રીજી મહારાજે વચનામૃતમાં ભરતજીના ચમત્કારી આખ્યાનની નોંધ લીધેલ છે. તે પંચમ સ્કંધમાં છે. શ્રીજી મહારાજનું માન્ય કરેલ યોગશાસ્ત્ર જાણી આ ગ્રંથ ભુજ મંદિર દ્વારા અલગથી પ્રકાશન કરવામાં આવ્યો છે. મોટા મોટા રાજાઓ રાજપાટનો ત્યાગ કરી ભગવાનને રાજી કરવા જંગલમાં ગયેલ છે. એમના આખ્યાનોનો સવિશેષ ઉલ્લેખ છે. ભક્તિ કર્યા વિના ભવસાગરનું ભટકણ થાય છે અને પાપકર્મ કરનારને નરક-ચોર્યાસીના દુઃખો ભોગવવાં પડે છે. એ બધીજ બાબતો પંચમ સ્કંધમાં લખાયેલી છે. ૨૭ આધ્યાયનો આ સ્કંધ છે. ભુજ મંદિર દ્વારા સંવત્ ૨૦૬૫ માં પ્રથમ વાર છપાયેલ. અત્યારે તો શ્રીમદ્‌ભાગવત સંપૂર્ણ ૧૨ સ્કંધોમાં ભુજ મંદિર દ્વારા છપાયેલ છે. ઢળતી ઉંમરવાળા લોકોએ ખાસ આ ભાગવતનો પંચમ સ્કંધ વાંચવો જોઈએ.

પ્રથમ પ્રકાશન-સંવત્ ૨૦૬૫ કાર્તિક સુદ-૧૫ તા.૧૩-૧૧-૨૦૦૮ ગુરુવાર

પ્રત-૩૦૦૦

મૂલ્ય માત્ર રૂ.૩૦

# સત્સંગ સમાચાર દેશ

## શ્રી રાધાકૃષ્ણદેવ, નાના શ્રી ઘનશ્યામ મહારાજનો ૧૧૦ મો વાર્ષિક પાટોત્સવ-ભુજ

ચૈત્ર વદ-૭ ૨૦૭૭ તા. ૦૩-૦૫-૨૦૨૧ સોમવારના રોજ ભુજમાં સંવત ૧૯૬૭ના પધરાવેલ શ્રી રાધાકૃષ્ણદેવ, નાના શ્રી ઘનશ્યામ મહારાજનો વાર્ષિક પાટોત્સવ ૧૧૦ મો હોવાથી કેસર જળથી અભિષેક કરવામાં આવ્યો હતો. શણગાર આરતી બાદ શ્રી જનમંગલ નામાવલી દ્વારા પૂજારી સંતો તથા સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ.ગુ. સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી તથા કોઠારી સ.ગુ. પાર્ષદ જાદવજી ભગત વગેરે સંતો તુલસી પત્ર દ્વારા પૂજન કર્યું હતું. પૂજન બાદ આરતી, સ્તોત્ર, પુષ્પાંજલિ અર્પણ કરી સાંષ્ટાંગ પ્રણામ સાથે ઉત્સવ પૂર્ણ થયો હતો.

શ્રી ઠાકોરજી આગળ વિવિધ મિષ્ટાન્નો ધરવામાં આવ્યાં હતાં અને કચ્છ તથા સમગ્ર સંપ્રદાયના તેમજ દેશ-વિદેશમાં ચાલતા કોરોનાનો કપરો સમય જલ્દીથી સારો થાય અને લોકો પોતાના પરિવારના કામ રાબેતા મુજબ કરતા થાય એવી પ્રાર્થના સંતોએ કરી હતી.

## ભુજ મંદિર દ્વારા શરુ કરાયું કોરોના ક્વોરન્ટાઈન સેન્ટર

પ્રાકૃતિક સૌંદર્ય વચ્ચે વહેતા ઝરણાનું આહ્‌લાદક દ્રશ્ય અને વહેતા પાણીનો કલકલધ્વનિ મનને પ્રફુલ્લિત કરી દે છે. તેનો આનંદ ઘણાએ માણ્યો હશે પણ કચ્છની ધરતી પર આત્માને આનંદિત કરી દે છે એવું માનવતાનું ઝરણું અવિરત વહી રહ્યું છે! સ્વયં પ્રભુ આપણા સૌના ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે રોગિષ્ઠ માનવની સેવા-સુશ્રુષા કરવાનું જણાવેલ છે. આપણું ભુજ મંદિર શ્રીજી મહારાજે આપેલી આજ્ઞાઓને અનુસરીને જીવમાત્રની સેવામાં પ્રવૃત્ત છે તે સૌને સુવિદિત છે.જે રોગ આજે સમગ્ર વિશ્વમાં મહામારી ફેલાવે છે તે રોગગ્રસ્ત માનવની સેવા કરવાનું કાર્ય હાથ ધરીને કોરોનાને મહાત આપવાનું ભગીરથ કાર્ય શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિર મીરઝાપર મધ્યે કોરોના ક્વોરન્ટાઈન સેન્ટર દ્વારા ચાલી રહ્યું છે. ભુજ મંદિરના પ્રાતઃ સ્મરણીય મહંત સદગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞા પ્રેરણા અને આશીર્વાદથી આ સેન્ટર માનવસેવાનો એક સુંદર ઉદાહરણ પૂરું પાડી રહ્યું છે. જ્યારે કોરોના સમગ્ર વિશ્વને હચમચાવી નાખ્યું છે અને કચ્છની પ્રજા સતત ચિંતા અનુભવી રહી છે. તેવા કપરા કાળમાં શ્રીહરિના વરદાન સ્વરૂપ આ સેન્ટર દર્દીઓ માટે સંજીવની સમાન સાબિત થયું છે. ખૂબ જ વિશાળ અને રમણીય સ્થળે શરૂ થયેલ આ સેન્ટરમાં ૨૪ કલાક ક્વોલીફાઈડ તબીબો અને નર્સિંગ સ્ટાફ હાજર રહે છે. અહી સંતોની અમી દ્રષ્ટિ દર્દીઓને સાંત્વના આપે છે (સંતો પણ સેવારત છે). અને સ્વયંસેવકોની નિસ્વાર્થ સેવા અને દર્દીઓને આપતો સહકાર અને સદ્‌વર્તન દર્દીઓને ખૂબ જ મોટી રાહત આપે છે. જરા પણ કંટાળ્યા વગર સ્વયંસેવકો ખડેપગે સેવા બજાવી રહ્યા છે. હળવાશભર્યું વાતાવરણ નિર્માણ કરી દર્દીઓને ચિંતા મુક્ત રાખવા સતત પ્રયત્નશીલ છે. 'સેવા' એમનો જીવનમંત્ર બની ગયો હોય તેવું લાગે છે.

**:: કોરોના સેન્ટરમાં સુવીધાઓ ::**

દર્દીઓને સારવાર સેવા સુશ્રુષા માટે જે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે તેની વિગત નીચે મુજબ છે.

- ૧૦૦ બેડની સુવિધા ઉપલબ્ધ છે.
- ત્રણ ક્વોલિફાઈડ તબીબો ૨૪ કલાક હાજર હોય

છે. ડોક્ટર લક્ષ્મણભાઈ હિરાણી, ડોક્ટર નિકુંજભાઈ પોકાર અને ડોક્ટર એકતા ગાજીપરા સેવારત છે.

- ૮ ટ્રેઈન્ડ નર્સો ૨૪ કલાક હાજર છે.
- ૮ ગ્રામ સ્વયંસેવકો સાથે કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનો ૨૪ કલાક સેવારત છે.
- કુદરતી સ્વચ્છ વાતાવરણ તેમજ નિયમિત રીતે સેનેટાઈઝર નો ઉપયોગ.
- શુદ્ધ સાત્ત્વિક સ્વાદિષ્ટ ભોજન ફ્રૂટડીસ તથા ફ્રુટ જ્યુસ
- આયુર્વેદિક ઉકાળા, આવશ્યક દવાઓ
- ૨૪ કલાક ઓક્સિજન ઉપલબ્ધ, બ્લડ રિપોર્ટ, સીટીસ્કેન વગેરે માટે જવા આવવા માટે સેન્ટર તરફથી વાહન સુવિધા
- ઓક્સિજન સુવિધા સાથેની એમ્બુલન્સ પરિણામે દર્દીના સગા સંક્રમણથી બચે છે.
- સંગીત, ભક્તિ સંગીત સંતોના સંબોધનો.
- સેન્ટરમાં તમામ સુવિધા અને નિઃશુલ્ક અપાય છે.
- વિદ્યુત પુરવઠો જળવાઈ રહે તે માટે જનરેટર ની સુવિધા પણ છે.
- સવાર-સાંજ નાસ (સ્ટીમ) ની સુવિધા.

**દૈનિક કાર્યક્રમ**

- સવારે સાત વાગ્યે આયુર્વેદિક ઉકાળો
- સવારે આઠ વાગ્યે દૂધ, ગરમ નાસ્તો.
- સવારે ૧૦ વાગ્યે મગનું પાણી (ભજન કીર્તન)
- સવારે ૧૧:૦૦ ફ્રૂટડીસ અથવા ફ્રુટ જ્યુસ.
- સવારે ૧૨.૩૦ વાગે ભોજન (રોટલી, દાળ, શાક, ભાત, હળવું ફરસાણ, મિષ્ટાન્ન, છાશ વગેરે)
- સાંજે ચાર વાગ્યે ફ્રુટડીસ
- સાંજે છ વાગ્યે મોસંબી અથવા સંતરાનો જ્યુસ
- સાંજે ૭ થી ૮ આરતી - ધૂન
- રાતે ૮.૩૦ ભોજન (ખીચડી, કઢી, ભાખરી, પરોઠા, છાશ)

દર્દીઓ તણાવ મુક્ત થાય તે માટે સંગીત, ભક્તિ સંગીત સંતોની અમૃત વાણી દ્વારા સુંદર અને સ્વસ્થ વાતાવરણ નિર્માણ થાય છે.

આ સારવાર કેન્દ્ર તા.૨૧-૪-૨૦૨૧થી કાર્યરત છે. તા.૧૭-૫-૨૦૨૧ સુધીમાં ૧૮૧ દર્દી દાખલ થયા. તે પૈકી ૧૪૩ સ્વસ્થ થયા અને ઘેર ગયા. લખાય છે ત્યાં સુધી ૩૮ દર્દી સારવાર લઈ રહ્યા છે. શ્રીજી મહારાજની કૃપાથી એક પણ દર્દી અક્ષરવાસી થયેલ નથી. દર્દીઓ માટે ની આવશ્યક તમામ વસ્તુઓ પૂરી પાડવી રસોડાની દેખરેખ રાખવી દરેક વ્યવસ્થા આયોજન મુજબ સમયસર અને ચીવટથી થાય છે કેમ બહારથી મંગાવવાની વસ્તુઓની વ્યવસ્થા તેમજ ખૂટતી બાબતોની પૂર્તતા કરવી પાણીની વ્યવસ્થા સ્વચ્છતા જળવાઈ રહે તે માટેની જાગૃતતા આવી અનેક બાબતોની જવાબદારી કન્યા વિદ્યાલયના મુખ્ય ટ્રસ્ટી માનનીયશ્રી પ્રવિણભાઈ પીંડોરીયા ખૂબ જ ખંતથી ચીવટ પૂર્વક સંભાળી સદા સેવારત છે. સંસ્થાના અને ટ્રસ્ટીઓ પણ આ કાર્યમાં જોડાયેલા છે

ભુજ મંદિરના ઉપમહંત સ્વામી ભગવદ્‌જીવનદાસજી તથા કોઠારી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી, સ્વામી દિવ્યસ્વરૂપદાસજી તથા સંતવૃન્દ સંસ્થાના ટ્રસ્ટી ગણ પ.ભ. પ્રવિણભાઈ પિંડોરીયા, ડો. લક્ષ્મણભાઈ હિરાણી, જગદીશભાઈ વાઘાણી, રતનાભાઈ નારણ કેરાઈ, કાનજીભાઈ વેકરીયા, લાલજીભાઈ રૂપાલીયા, હરજીભાઈ વેકરીયા અને કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સ્વયંસેવકો આ સેવા કાર્યમાં જોડાયેલા છે.વંદન છે અ સૌ સેવાભાવી સન્માનનીય સેવાને સમર્પિત માનવોને અને વંદન છે તેમને પ્રોત્સાહિત કરતા ટ્રસ્ટીઓને તથા પ્રણામ છે પ્રેરણાસ્રોત સંતવૃંદને.

અન્ય વિગત કે માહિતી માટે નીચે દર્શાવેલ

મહાનુભાવોનો સંપર્ક કરવો- હેલ્પલાઈન નંબર
૧. શ્રી લક્ષ્મણભાઈ હીરાણી:-૯૯૨૫૬૩૮૭૮૭
૨. શ્રી જગદીશભાઈ વાઘાણી:- ૯૮૭૯૨૩૩૭૯૩
૩. શ્રી નારણભાઈ કેરાઈ:-૯૮૭૯૫૪૪૩૮૦

**ભુજ શ્રી નરનારાયણ દેવનો ૧૯૮મો વાર્ષિક પાટોત્સવ**

ઈષ્ટ દેવની કૃપાથી તેમજ મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી અને વડીલ સંતોના આશીર્વાદથી શ્રી નરનારાયણદેવનો વાર્ષિક પાટોત્સવ ભૂજ મંદિરમાં ઉજવવામાં આવેલ.

પ્રતિ વર્ષ આપણે આ પાટોત્સવ ખૂબ જ ધામધૂમથી દબ-દબાભેર ઉજવતા આવ્યા છીએ. પરંતુ વર્તમાન પરિસ્થિતિ અને સંજોગોને ધ્યાનમાં લઈ કોરોના મહારોગને લીધે સરકારની ગાઈડ લાઈનને ધ્યાનમાં લઈ પાટોત્સવ અલગ રીતે ઉજવવામાં આવેલ.

કોરોના મહારોગથી અક્ષરવાસ થયેલ ભક્તોની સ્મૃતિમાં તથા કોરોનાના દર્દીઓના આરોગ્ય અર્થે મંદિરના સભામંડપમાં તા. ૧૧-૦૫-૨૦૨૧ થી તા.૧૭-૦૫-૨૦૨૧ સુધી ભારત ખંડના રાજા ધિરાજ બદ્રીપતિ શ્રી નરનારાયણ ભગવાનના યજમાનપદે શ્રીમદ્ સત્સંગિજીવન સપ્ત દિનાત્મક જ્ઞાનયજ્ઞ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ. વ્યાસાસને બિરાજમાન થઈ વિદ્વાન વક્તાઓ સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી શુકમુનિદાસજી, સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, સ્વામી સૌનકમુનિદાસજી એ કથારસનું અમૃતપાન કરાવેલ જ્યારે સંચાલન કોઠારી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી કર્યું હતું.

કથા દરમિયાન દરરોજ સવારે ૬ થી ૭ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર જપયજ્ઞ તથા સવારે ૮:૦૦ થી ૮:૪૫ સુધી અને બપોરે ૪.૦૦ થી ૪.૪૫ વાગ્યા સુધી સમૂહ જનમંગલ પાઠનું આયોજન કરવામાં આવેલ. ઉપરાંત કથા દરમિયાન ૧૧ શ્રીમદ્ સત્સંગિજીવન મુખપાઠ તથા ૧૧૦૦૦ જનમંગલ પાઠ સંતો દ્વારા કરવામાં આવેલ. તેમજ બહેનોના મંદિરમાં સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવામાં આવેલ.મૌન પારાયણ, જનમંગલના પાઠ, મહામંત્ર જપયજ્ઞ તેમજ સપ્ત દિનાત્મક જ્ઞાનયજ્ઞ આદિ વ્રત, જપ, તપ, ભજનનું, ફળ કોરોના દર્દીઓના આરોગ્ય અર્થે તથા દિવંગત જીવાત્માઓના આત્મશ્રેયાર્થે પાટોત્સવના દિવસે તુલસીપત્ર દ્વારા સમર્પિત કરવામાં આવેલ.

સાત દિવસ દરમિયાન દરરોજ મંડળધારી સંતોના આશીર્વાદ તેમજ છલ્લે દિવસે ઉપમહંત સ્વામી તથા પૂ.મહંત સ્વામીએ કોરોના કાળમાં અક્ષરનિવાસી થયેલ આત્માઓને તેમજ કોરોન્ટાઈનમાં સ્વાસ્થ્ય લાભ લેતા દરેકને માટે શુભકામના પાઠવી હતી. ભુજ મંદિર દ્વારા ચાલતા સેવા કાર્યમાં જે દેશ-વિદેશના મંદિરો તરફથી અથવા વ્યક્તિગત આપેલ આર્થિક સહયોગ તેમજ તન,મનની સેવા બદલ દરેકને અંતરથી રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

પાટોત્સવના દિવસે ઠાકોરજીના અભિષેક, આરતી, અન્નકૂટ પરંપરાગત રીતે સંપૂર્ણ ભક્તિભાવ સાથે યોજીને પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરેલ. અભિષેક તથા અન્નકૂટના યજમાન પદે રહી ને ભક્તિભાવ પ્રગટ કરનાર પિતાશ્રી અ. નિ. માવજીભાઈ હરજીભાઈ પાઘરા, માતૃશ્રી અ.નિ. હીરબાઈ માવજીભાઈ પાઘરા, હસ્તે પ.ભ. રામજીભાઈ માવજીભાઈ પાઘરા, અ.નિ.ધ.પ. પ્રેમબાઈ, સુપુત્ર વિશ્રામભાઈ ધ.પ.મંજુલાબેન, સુપુત્ર જાદવજીભાઈ ધ.પ.ગીતાબેન, પૌત્ર હરીશભાઈ ધ.પ.નૈનાબેન, પૌત્ર નિમેશભાઈ ધ.પ.વિજયાબેન, પૌત્ર મનીષભાઈ જાદવજીભાઈ,પૌત્ર ધર્મેશભાઈ જાદવજીભાઈ, દક્ષાબેન વિશ્રામભાઈ, ભાઈશ્રી અ.નિ.ખીમજીભાઈ માવજીભાઈ પાઘરા, ભાઈશ્રી કરસનભાઈ

માવજીભાઈ પાઘરા, ભાઈશ્રી નારણભાઈ માવજીભાઈ પાઘરા, ભાઈશ્રી શીવજીભાઈ માવજીભાઈ પાઘરા - સપરિવાર ગામ મદનપુર ના હરિભક્તો હતા.કથા કોરોના ગાઈડ લાઈનને ધ્યાનમાં લઈ ભુજ મંદિરની યુટ્યુબ ચેનલ પર દેશ-વિદેશના હરિભક્તો લાભ લીધો હતો.

આજે શ્રી નરનારાયણદેવનો વાર્ષિક પાટોત્સવ હોવાથી સાંજે સંધ્યા આરતી પહેલાં શ્રીમદ્ સત્સંગિજીવનના સારભૂત સર્વમંગલનામાવલીના ૧૦૦૦ મંત્ર દ્વારા તુલસીપત્રથી પૂજન કરવામાં આવ્યું હતું. આ પૂજનમાં પૂજ્ય મહંત સ્વામી, પૂ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી હરિબળદાસજી, સ્વામી મુકુંદજીવનદાસજી સાથે પૂજારી સંતો પણ જોડાયા હતાં.

### ભુજ મંદિર દ્વારા‘‘સ્વામિનારાયણ યાત્રા’’ એપલીકેશન

શ્રી સ્વામિનારાયણ ભગવાન સંવત ૧૮૬૦થી ૧૮૬૮ દરમ્યાન કચ્છ ભૂમિમાં જે જે સ્થળોને, તળાવો, વૃક્ષો, કુવાઓ, વાવ, મંદિરો, વિગેરે પોતાનાં પાવન ચરણોથી પવિત્ર કરેલ તે તે દરેક પ્રસાદી સ્થળોના લીલા ઉલ્લેખ સાથે એપલીકેશનનું પૂ.મહંત સ્વામી આદિ સંતોના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. આ એપલીકેશન તીર્થ સ્થાન સુધી પહોંચવા માટેના રસ્તાઓ તથા તીર્થસ્થાન સબંધિત ચરિત્ર અને મહિમાં જાણવા માટે મદદરૂપ થશે. આપ ગુગલ પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરી ઘર બેઠા કચ્છની યાત્રા કરી શકો છો.

### ભુજ મંદિર દ્વારા રેપિડ ટેસ્ટ

આજે કોરોના મહામારીના દર્દીઓ દયાજનક પરિસ્થિતિમાં મુકાઈ ગયા છે. સરકારની ઈચ્છા હોવા છતાં દૂર દૂરના ગામોમાં લોકો કોરોના ગ્રસ્ત છે કે નહી તે જાણવા માટે પ્રશાસન ઝઝૂમી રહ્યું છે. આવા સમયમાં આપણું ભુજ મંદિર હંમેશાની જેમ સરકારની સહાય માટે તૈયાર થયું અને અબડાસાના રવાપર, દોલતપર, અમારા અને ઘડાણી મુકામે રેપિડ ટેસ્ટ અભિયાનમાં ૬૦૦થી વધુ લોકોના ટેસ્ટ કરી અસરગ્રસ્ત દર્દીઓને છેલ્લા ૧૦ થી વધુ દિવસોથી કાર્યરત કોરોના સેન્ટરમાં દાખલ કરીને એમની સારવાર,સેવા ચાકરીની વ્યવસ્થા ગોઠવાઈ છે. ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા વડીલ સંતોના આશીર્વાદથી ગામડાઓની રેપિડ ટેસ્ટ ની કામગીરી શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી આદિ સંતોએ સંભાળી હતી. આજની વિકટ પરિસ્થિતિમાં કોરોના મહામારીના સંદર્ભમાં જે કંઈ આવશ્યકતા હશે તેમાં સંપૂર્ણ યોગદાન આપવા ભુજ મંદિર તત્પર છે એવી ખાતરી સૌ અનુભવી છે.

### સુખપર સ્મશાને લાકડાની સેવા

કોરોના મહામારીમાં મૃત્યુ પામતા લોકોના અંતિમ સંસ્કાર કરવાનો પણ એક ગંભીર પ્રશ્ન થયેલો. ભુજ તાલુકાના સુખપર ગામની માનવતાવાદી વિચાર સરણી ના કારણે પ્રશાસન દ્વારા સુખપર ભુજ તથા આજુબાજુના ગામોમાં કોરોનાના કારણે મૃત્યુ પામનારના અગ્નિસંસ્કાર કરવાની જવાબદારી સુખપર ગામને સોપાઈ. ગામલોકોએ નક્કી કર્યું કે આવા મૃતદેહોના અંતિમ સંસ્કાર રામરાઈ તળાવ પર કરવા. આવા માનવતાના કાર્યમાં સુખપર ઉપરાંત મદનપુર,નરનારાયણ નગર, આદિના યુવાનો પણ જોડાયા. અંતિમ સંસ્કાર માટે લાકડાની જરૂર ઉભી થતા શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યાલય, ભુજમાં લાકડાનો જથ્થો સારોએવો હોતા ત્યાંથી લાકડા લાવવાનો ગોઠવાયું. આવા પરમ કાર્યમાં ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ સંતો ની અનુમતિ મેળવી કન્યા વિદ્યાલયના ટ્રસ્ટીઓ એ આ સેવા કાર્યોમાં સહકાર આપ્યો અને ભુજ મંદિર દ્વારા લાકડાની સેવા શરૂ થઈ.

આવા કપરા કાળમાં લાકડાનો પ્રશ્ન હલ થયો. લાકડા સુખપર સ્મશાને પહોંચાડવાની યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સુખપર આવતા મૃતદેહોના સંપૂર્ણ મર્યાદા સાથે હિંદુ વિધિ મુજબ અંતિમ સંસ્કાર કરવામાં આવે છે અને સેવાનું ઉત્તમ ઉદાહરણ સામે આવ્યું છે.

આવા ઉમદા કાર્યમાં કન્યા વિદ્યાલયના ટ્રસ્ટી શ્રી પ્રવિણભાઈ પિંડોરિયા, શ્રી લાલજીભાઈ શિવજી રૂપાલીયા, શ્રી માવજીભાઈ વિશ્રામ પાંચાણી, શ્રી વાલજીભાઈ કરસન મેપાણી તથા અન્ય યુવાનોએ આ કાર્ય ખૂબ જ સારી રીતે સંભાળી લીધું છે.

કોરોનાના કારણે ધામમાં સિધાવેલ જીવાત્માઓને શ્રીજીમહારાજ પોતાના ચરણ કમળનું સુખ આપે એ જ પ્રાર્થના.

**ભુજ મંદિર દ્વારા ભોજન સામગ્રી વિતરણ**

કોરોના મહામારીના કપરા કાળમાં ભુજ મંદિર હરિભક્તોની સતત ચિંતા સેવે છે. કોરોના ગ્રસ્ત દર્દીઓના સ્વાસ્થ્ય માટે અને દિવંગત જીવાત્માઓને શાંતિ મળે તે માટે પરમ પૂજ્ય મહંત સ્વામી સહિત ભુજ મંદિરના સંતો શ્રી નારાયણદેવ સમક્ષ સતત પ્રાર્થના કરી રહ્યા છે તેમજ અન્ય અનેક ધાર્મિક વિધિઓ અને કાર્યો દ્વારા તેમનું કલ્યાણ થાય તે માટે પ્રયત્નશીલ છે.

કચ્છ કલેકટશ્રીના આદેશથી સરકારી માર્ગદર્શન અનુસાર હાલ લોકડાઉનની તેમજ અન્ય પરિસ્થિતિના કારણે ધંધા-રોજગાર પર ખૂબ માઠી અસર થઇ છે. પરિણામે ગરીબ લોકોની આવક બંધ હતા જીવનનિર્વાહના પ્રશ્નો ઉભા થયા છે. આવા કપરા સમયમાં ભુજ મંદિર દ્વારા ૨૫૦૦ થી વધુ રાસન કીટ તૈયાર કરી (સરકારી અધિકારીઓ દ્વારા માર્ગદર્શન મેળવી) ગરીબ ને જરૂરત મંદ પરિવારોને અર્પણ કરી મદદરૂપ થવા પ્રયત્ન કરવામાં આવેલ. આ કાર્યમાં સંતો અને ટ્રસ્ટીઓ જોડાયા હતા.

ભુજ મંદિર તરફથી માલતી કોવિડ-૧૯ની સેવાઓને કચ્છ કલેકટરશ્રી તથા ગુજરાત સરકારે આવકારી છે. આપણા સંતો શ્રીજી મહારાજ રાજી થાય આપણી સેવાને સ્વયં ભગવાન શ્રી નરનારાયણદેવ આવકારે એવી અપેક્ષા રાખી સતત નાની-મોટી સેવા કરી રહ્યાં છે.

**સંતો દ્વારા હૈયાધારણાની હુંફ**

આપણા સંપ્રદાયની પરંપરાનુસાર ભુજ મંદિરના સંતોના હૃદયમાં હરિભક્તો પ્રતિ ખુબજ લાગણી અને પ્રેમ ભાવ સાથે પોતાપણાની અનુભૂતિ ભારોભાર ભરેલી છે. ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ્વામી, ઉપમહંત સ્વામી આદિ વડીલ સંતોએ ભુજ, માંડવી, અંજાર આદિ શહેરોની સરકારી તેમજ ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેતા કોરોના ગ્રસ્ત હરિભક્તોના સ્વાસ્થ્યની ખબર લેવા રૂબરૂ જઈ હરિભક્તોને સાંત્વના આપી હિંમતમાં રહી શ્રીજી મહારાજ સૌનું સારું કરશે અને સંતો સદાય તમારી પડખે રહ્યા છે અને રહેશે તેમજ તમારા દર્દ દૂર કરવા અને તબિયત જલ્દી સારી થઈ જાય તે માટે ભગવાન શ્રી સ્વામિનારાયણને પ્રાર્થના કરે છે એવી હૈયાધારણા આપી હતી. સંતોએ હરિભક્તોની મુલાકાત લેતાં હરિભક્તો ખૂબ જ રાજી થયા હતા. સંતો અમારા છે અને અમારી ચિંતા સેવે છે એવી અનુભૂતિ સાથે હુંફ અનુભવી હતી. સંતોએ પ્રેમપૂર્વક આશીર્વાદ આપતાં જણાવેલ કે મહારાજને સંભાળતા રહેજો મહારાજ જલ્દીથી તમારો રોગ દૂર કરી સાજા કરશે અને આપણે ખૂબ સત્સંગ કરીશું. આવી વાતોથી હરિભક્તોમાં ખૂબ હિંમત બંધાઇ હતી.

કચ્છથી બહાર પ્રદેશોમાં તેમજ વિદેશોના હરિભક્તોની દરરોજ ફોન દ્વારા ખબર પૂછીને સંતો હિંમત બંધાવી રહ્યા છે. હૈયાધારણા સાથે હુંફ પણ આપી રહ્યા છે. જે લોકો આર્થિક રીતે નબળા છે તેમને

આર્થિક સહાયતા પણ આપી રહ્યા છે. સંતો સતત હરિભક્તોના સંપર્કમાં રહી શક્ય તેટલી તમામ જાતની મદદ પૂરી પાડી રહ્યા છે. આજના કપરા કાળમાં આ કાર્ય હરિભક્તોને બળ પૂરું પાડે છે અને ભક્તિભાવ દ્રઢ થાય છે. ભુજ મંદિર હરિભક્તોનું જ છે અને હરિભક્તો ભુજ મંદિરને અતિ વહાલા છે. કોરોના ગ્રસ્ત દર્દીઓ જલ્દી સ્વસ્થ થઈ પોતાના રોજિંદા વહેવારમાં પ્રવૃત્ત થાય તેવી ભગવાન શ્રી નરનારાયણદેવના ચરણ કમળમાં પ્રાર્થના.

**વિદેશના મંદિરો સેવાથી પ્રભાવિત**

ઈષ્ટદેવ ભગવાન શ્રી નરનારાયણદેવની કૃપાથી તેમ જ ભુજ મંદિરના સદૈવ વંદનીય મહંત સ્વામીના આશીર્વાદ પ્રેરણા અને આશીર્વાદથી ભુજ મંદિરની જે સેવાકીય પ્રવૃત્તિઓ ચાલી રહી છે અને કોરોનાના અતિ કપરા કાળમાં કચ્છમાં હરિભક્તોની જે સેવા થઈ રહી છે તેનો પ્રભાવ આપણા વિદેશના મંદિરોના હરિભક્તો પર પણ પડયો છે અને તેઓ પણ સેવા કરવા તત્પર થયા છે.

આપણા વિલ્સડન-લંડન મંદિરના હરિભક્તોની કોરોના ગ્રસ્ત કચ્છના દર્દીઓ માટે ભજન સાથે આર્થિક ખૂબ મોટી સેવા કરી ભુજ મંદિરે મોકલાવેલ છે. ત્યાંના હરિભક્તોએ ભુજ મંદિરે શરૂ કરેલા આ સેવાયજ્ઞમાં આહુતિઓ આપવાની સાથે અન્યો માટે પણ પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું છે. એ જ રીતે હેરા તેમજ અન્ય યુ.કે.નાં મંદિરના હરિભક્તોની સેવા પણ ચાલુ છે ઉપરાંત આફ્રિકા, ઓસ્ટ્રેલિયા વગેરેના આપણા બધાજ મંદિરોના હરિભક્તો ભુજ મંદિર સાથે સતત સંપર્કમાં છે અને સેવાઓ મોકલી રહ્યા છે અને સેવા કરવાની તત્પરતા દાખવી રહ્યા છે. આપણા ઐકયની પ્રતીતિ થઈ રહી છે. પોતાપણાની ભાવના સાથે કરેલ આર્થિક સેવા બદલ સંતો પ્રસન્નતા સાથે રૂડા આશીર્વાદ પાઠવે છે.

**પ્રકૃતિ રક્ષા માટે વૃક્ષારોપણ અભિયાન**

ભુજ મંદિર દ્વારા અનેક વિવિધ સત્સંગની પ્રવૃત્તિ સાથે સામાજિક તથા રાષ્ટ્રીય સેવાના ભાગરૂપે અનેક પ્રદેશોમાં વૃક્ષારોપણ કાર્યક્રમ દર વર્ષે કરવામાં આવે છે.

ભુજ મંદિર સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક યુવતી મંડળ દ્વારા દર વર્ષની માફક આ વર્ષે પણ મોટા પ્રમાણમાં વિધવિધ પ્રકારના વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે. હજારો વૃક્ષોનું વાવેતર યુવાન સંતોની સાથે રહીને યુવાનો પોતાના પ્રદેશોમાં જેટલા યુવક મંડળના યુવાનો-યુવતીઓ છે તેઓ પોતાના પરિવારના સભ્ય સંખ્યા પ્રમાણે વૃક્ષોનું વાવેતર કરી માવજત કરે આવી પૂજ્ય મહંત સ્વામીની ભાવનાને ધ્યાનમાં લઈ યુવક મંડળના સંતોએ અભિયાનમાં લાગી ગયા છે.

ખાસ આપને જણાવતા આનંદ થાય છે કે શ્રીજી મહારાજ આ પૃથ્વી ઉપર પધાર્યા અને જે વૃક્ષ નીચે બેસી જ્ઞાન ચર્ચા કરી છે તે વૃક્ષો અત્યારે હયાત છે, તે વૃક્ષોના બીજમાંથી રોપા બનાવી પ્રસાદીના વૃક્ષોના રોપાનું વધુ પ્રમાણમાં વાવેતર કરવાનો પણ સંકલ્પ સંતોએ કરેલ છે. પ્રસાદીના રોપા તૈયાર થશે ત્યારે તેમની માહીતિ આપવામાં આવશે. જેની વ્યવસ્થા યુવક મંડળના સંતો સંભાળે છે.

અહેવાલઃ- ભરતભાઈ મહેતા

**ઓનલાઈન- યુવા સત્સંગ સંમેલન -૨૦૨૧**

સંવત ૨૦૭૭ ચૈત્ર વદ- ૧૪ તા. ૧૦-૦૫-૨૦૨૧ના રોજ ભુજ મંદિરથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક યુવતી મંડળના સભ્યો માટે 'એક દિવસીય ઓનલાઈન યુવા સત્સંગ સંમેલનનું' આયોજન કરવામાં આવ્યું હતું. સંમેલનની શરુઆત પૂજય મહંત સ્વામી, તથા ઉપમહંત સ્વામી આદિ વડીલ સંતોના કરકમલ દ્વારા, વેદ મંત્રોના ધ્વની સાથે દીપ પ્રાગટ્યથી

થઈ હતી. શરુઆતમાં સંતોના પૂજન અને સત્કાર બાદ સૌ પ્રથમ મહંત સ્વામીના આશીર્વાદમાં બાળકો અને યુવાનો આપણી આવતી પેઢીનું ભવિષ્ય છે ,એની જાળવણી અને સાંચવણી થાય તેમજ તેમનું જીવન પવિત્ર અને ઉજ્જ્વળ બને એવા પૂજય મહંત સ્વામીએ આશીર્વાદ આપ્યા હતા. ત્યાર બાદ કોઠારી પાર્ષદ જાદવજી ભગતે પૂજય મહંત સ્વામી હરીસ્વરૂપ દાસજીએ સ્થાપેલ યુવકમંડળનો વિકાસ અને દિન પ્રતીદિન પ્રગતિ થાય એવા શુભ આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ શાસ્ત્રી સ્વામી આનંદસ્વરૂપદાસજીએ 'સેવા પરમો ધર્મ' આ વિષય ઉપર ઝીણાભાઈના દ્રષ્ટાંત દ્વારા સેવાનો શું મહિમા અને પ્રાપ્તિ છે તેના ઉપર વ્યાખ્યાન આપ્યું હતું.ત્યારબાદ સ્વામી પરંમહાસ દાસજીએ પરીવારમાં એક-બીજાના મીલનની કેટલી આવશ્યકતા છે અને સતત પરિવારની સાથે સંકળાઈને રહીએ તો કેવા સારા પરીણામો આવે, અને વર્તમાન સમયમાં ઘરમાં ધીરજ કેમ રાખવી એવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. જેમ જેમ ઓનાલાઈન સંમેલનમાં યુવાનો જોડાતા ગયા તેમ તેમ ખૂબ આનંદ વધતો ગયો. ત્યારબાદ સ્વામી રામાનુજદાસજીએ નરનારાયણદેવની જેણે ટેક રાખી છે તેને જીવનમાં કેવા અનુભવો થાય છે એના ઉપર સ્વામીએ પ્રાસંગીક ઉદ્બોધન આપ્યું હતું. ત્યારબાદ સ્વામી દેવચરણદાસજી જેના જીવનમાં આધાત્મિકતા હોય તેને શું લાભ થાય એના ઉપર સરસ વાત કરી હતી. ત્યારબાદ પૂજય ઉપમહંત સ્વામિએ યુવાનની આંખ અને વડીલની પાંખ આ શબ્દ દ્વારા યુવાનોએ વડીલો સાથે કેમ જીવન જીવવું એવા રૂડા આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ નિત્ય નિયમની શરુઆત થઈ હતી. ચેષ્ટા બાદ સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી, સ્વામી શ્યામચરણદાસજી અને સ્વામી વિવેકસાગરદાસજીએ શ્રી ઠાકોરજીનું તુલસીપત્ર વડે ૧૦૮ મંત્રથી પૂજન કર્યું હતું, અને ઓનલાઈનના માધ્યમથી અનેક હરીભક્તોએ પોતાના ઘરે આ અલભ્ય લાભ લીધો હતો. ત્યારબાદ યુવા પ્રવચનોમાં સુખપર (નરનારાયણ નગર)ના યુવાન કાન્તીભાઈ ધનજી કેરાઈ એ નરનારાયણદેવનો મહિમા અને વર્તમાન ચાલતી પરિસ્થિતિને પહોંચી વળવા તેમજ સુખપરમાં ચાલતી અગ્ની સંસ્કારની કાષ્ટની સેવાની વાત કરી હતી. ત્યારબાદ યુવા પ્રવચનમાં વિશનગરના પ્રોફેસર તુલસીદાસભાઈએ સંતોનો સત્સંગને માટે અથાગ પ્રયાસ' ઉપર વાત કરી હતી.ત્યારબાદ માંડવી(પીયાવા)ના કલ્યાણભાઈ ગાજપરીયાએ કોરોના કાળમાં યુવાનોની અવિરત સેવા અને સમર્પણની વાત કરી હતી.ત્યારબાદ યુકે, આફ્રીકા અને ઓસ્ટ્રેલીયા આદિ દેશોમાં આપના મંદિરો અને ભક્તો દ્વારા આ કોરોના કાળમાં ફૂડ-પેકેટ, મેડીકલથી માંડીને તમામ પ્રકારની આર્થિક ,સામાજીક સેવાની વાત કરવામાં આવી હતી અને કોરોના રોગમાં અક્ષરવાસી થયેલા ભક્તોને ભગવાન શાશ્વત સુખ આપે તેમજ કોરોનામાં સપડાયેલા લોકો જલ્દી સાજા થાય તેવી તમામ મંદિરોમાં ધૂન અને પ્રાર્થનાઓ થઈ હતી.

અંતમાં યુવક મંડળના સંચાલક શા. સ્વામી સંતસ્વરૂપદાસજીએ "મૃત્યુના સમયમાં ભયથી કેવી રીતે બચવું" આ વિષય ઉપર સરસ વ્યાખ્યાન આપ્યું હતું . સમગ્ર યુવા સંમેલનનું સંચાલન તબલાવાદક સ્વામી કપિલમુનિદાસજીએ સંભાળ્યું હતું.

અહેવાલઃ- યુવક- યુવતી મંડળ કાર્યલય-ભુજ

**માંડવી શ્રી ઘનશ્યામ મહારાજનો ૨૧ મો વાર્ષિક પાટોત્સવ**

શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી માં તા. ૨૮-૦૪-૨૦૨૧ ચૈત્ર વદ-૨ ના શ્રી ઘનશ્યામ મહારાજનો ૨૧ મો વાર્ષિક પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. માંડવી મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજીના માર્ગદર્શન મુજબ ભૂદેવો દ્વારા

પૂજન વિધિ ત્યારબાદ સવારે સાડા છથી સાત કલાક સુધી સંતોના વરદ હસ્તે પંચામૃતથી અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૯:૦૦ કલાકે જુદા જુદા વ્યંજનોનો થાળ એટલે કે અન્નકૂટ ભોગનાં દર્શન થયાં હતાં. મંડળના વડીલ સંતો સ.ગુ. સ્વામી પ્રભુચરણ દાસજી, સ.ગુ. સ્વામી અક્ષરવલ્લભદાસજી તેમ જ સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી આદી સંતોના વરદ હસ્તે અન્નકૂટની આરતી ઉતારવામાં આવી હતી.

અભિષેક એવં અન્નકૂટના યજમાન શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીના સાંખ્યયોગી ધનબાઇ રાબડીયા ગુરુ સાંખ્યયોગી અમરબાઈ તેમજ ઉપમહંત સાંખ્યયોગી ધનબાઇ ફઇની પ્રેરણાથી અભિષેક એવં અન્નકૂટના યજમાન રહી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે માંડવી મંદિરના મહંત સ્વામી, કોઠારી સ્વામી આદિ સંતોએ કોરોના ગ્રસ્ત દર્દીઓને હોસ્પિટલમાં જઈ ભગવાનનો પ્રસાદ એવં ફળોનું વિતરણ કર્યું હતું.

**માંડવીમાં અવિરત ચાલતી શાંતિપાઠની કથા**

કોરોના મહામારીરનું બીજું ચરણ અચાનક ફેલાતું ગયું અને આવી સ્થિતિમાં સેંકડોની સંખ્યામાં લોકોએ પોતાના પરિવારજનોને ગુમાવ્યા છે ત્યારે શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવી દ્વારા આયોજિત શ્રી નિષ્કુળાનંદ સ્વામી રચિત ભક્તચિંતામણિ અંતર્ગત શાંતિપાઠ નીલકંઠ ચરિત્રની કથાનું આયોજન કરવામાં આવ્યું. માંડવી મંદિરના મહંત સ્વામી દેવપ્રકાશદાસજી આદિ સંતોની ઉદાર ભાવના રંગ લાવી અને વિચારનું બીજ બળ ઊગ્યું કે આવા સંજોગોમાં હરિભક્તો પોતાના સ્વજનોની પાછળ પારિવારિક બેસણું અથવા અન્ય કોઈ ક્રિયા કરી નથી શકતું ત્યારે આપણે લોકોની વ્યથાને દૂર કરવા અને મનને શાંતિ પમાડવા ભગવાનનાં ચરિત્રનું રસપાન ઘરે બેઠા કરાવીએ ત્યારે તારીખ ૨૯-૦૪-૨૦૨૧ થી ૫:૦૦ પુરષસૂક્તના પાઠ પ્રારંભ કરી કથાનું શ્રવણ અંતે અક્ષરનિવાસી ભક્તોને પુણ્યસ્મૃતિમાં તે તે વ્યક્તિના નામ, ગામ આવા નોંધ સાથે જાહેર કરાય છે. આ આત્માઓ માટે શ્રી સ્વામિનારાયણ મહામંત્રની કથા, ધૂન કુલ મળી બે કલાકનો આ દોરમાં સંતો કથાવાર્તાનું પાન કરાવે છે.

દર પાંચ દિવસની કથા મૃતઆત્માને અર્પણ કરવામાં આવે છે અત્યાર સુધી દર પાંચ દિવસે નવા નવા વક્તાશ્રીના માધ્યમથી કથાનો લાભ મળી રહ્યો છે. શાસ્ત્રી સ્વામીકૃષ્ણજીવનદાસજી કોઠારી પુરાણી સ્વામી હરિપ્રસાદદદાસજી, પુરાણી સ્વામી હરિકૃષ્ણદાસજી, શાસ્ત્રી સ્વામી આનંદવલ્લભદાસજી વિદ્યાર્થી સ્વામી મુરલીમનોહરદાસજી આદિ સંતો દર પાંચ પાંચ દિવસે કથાનું શ્રવણ કરાવી રહ્યા છે. સ્વામી નીલકંઠમુનિ દાસજી સંગીતમાં સહયોગ આપી કથાને રસમાધુરી બનાવવામાં મહત્ત્વનો ભાગ પણ ભજવી રહ્યા છે. સંપૂર્ણ કથાનું જીવંત પ્રસારણ સ્વામી ઘનશ્યામકેશવ દાસજી સ્વામી નૌતમપ્રકાશદાસજી મંદિરની યુટ્યુબ ચેનલ, પવિત્ર યુટ્યુબ અને માતૃછાયા કેબલ નેટવર્કના માધ્યમથી કરી રહ્યા છે.

અહેવાલ શાસ્ત્રી સ્વામી આનંદવલ્લભદાસજી

**સેલારી (વાગડ, રાપર) નૂતન મંદિર ખાતમુહૂર્ત**

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગુજરાતમાં સ્વહસ્તે મંદિરોનું નિર્માણ કરી નવા મંદિરોનું નિર્માણ કરવાનો આદેશ આપેલો છે. આવા મંગલમય આદેશને અનુસરીને આપણા ભુજ મંદિર દ્વારા કચ્છમાં અનેક જગ્યાએ નૂતન મંદિરોના નિર્માણ થયાં છે અને થઈ રહ્યાં છે. મંદિર નિર્માણની આ પવિત્ર માળામાં એક મણકો ઉમેરવાના કાર્યનું મંગલાચરણ થઈ ચૂક્યું છે.

તા. ૨૧-૦૫-૨૦૨૧, સવંત્ ૨૦૭૭ વૈશાખ સુદ-૯ ના પરમ દિવસે સવારે ૮:૩૦ થી ૧૨:૦૦ દરમિયાન ૫૪મો વાર્ષિક પાટોત્સવ, નર્મદાજળ અવતરણ અને નૂતન મંદિરના ખાતમુહૂર્તના પાવનકારી પવિત્ર ધાર્મિક કાર્યક્રમોના ત્રિવેણી સંગમ

સમા અવસરે સંતો અને હરિભકતો એ ભક્તિરસમાં ભીંજાઇ તૃપ્ત થઈ ધન્યતા અનુભવી.

ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીના કરકમળ દ્વારા સેલારી મધ્યે ભુજ શ્રી નરનારાયણદેવ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર (ભાઈઓનું) સેલારીના નૂતન મંદિરનું ખાતમુહૂર્ત વિધિ હર્ષોલ્લાસ અને ઉમંગભેર સંપન્ન થયો. આ દિવ્ય પ્રસંગે ભુજ મંદિરના ઉપમહંત સ્વામી ભગવદ્જીવદાસજી, સ.ગુ. સ્વામી મુકુંદજીવનદાસજી, સ.ગુ.સ્વામી બાલકૃષ્ણદાસજી, સ.ગુ સ્વામી હરિબળદાસજી, સ.ગુ સ્વામી કેશવજીવનદાસજી,સ.ગુ.સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ્વામી મહાપુરુષદાસજી, પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત તથા અન્ય સંતોની ઉપસ્થિતિ સૌના આનંદમાં અભિવૃદ્ધિ કરતી હતી. હરિભક્તોને દર્શન, પૂજા પાઠ, ધુન, ભજન કીર્તન, ધાર્મિક ઉત્સવની ઉજવણી, કથાવાર્તા તેમજ અનેક ધાર્મિક કાર્યોની સગવડ મળી રહે અને સાંપ્રદાયિક પરંપરા સાથે સત્સંગ વધુને વધુ દૃઢ અને વેગવંતો થાય તેવા ઉમદા હેતુ સાથે નૂતન મંદિરના પ્રેરક સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી આદિ સંત મંડળ ભક્તિભાવ વિભોર બની શ્રીજી મહારાજના ઉપકૃત બન્યા હતા. સેલારીના સમસ્ત હરિભક્તોએ નૂતન મંદિર નિર્માણ માટે ભૂમિદાન કર્યું હતું. અને મહંત સ્વામી આદિક સંતોના આશીર્વાદ મેળવ્યા હતા. મંદિર નિર્માણ થતાં મૂર્તિના દાતા તરીકે મૂળ બળદિયાના હાલે (ઈષ્ટ લંડન) શ્રી હરિના લાડીલા પ.ભ. ભીમજીભાઈ રામજીભાઈ હિરાણીએ પોતાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. ઠાકોરજીની મૂર્તિઓના અન્ય દાતાઓએ તરીકે ભચાઉના (હાલે મુંબઈ) પ.ભ. ઘનશ્યામભાઈ પૂંજાભાઈ નિશર તથા સુખપરના હાલે (ઈષ્ટ લંડન)પ.ભ. ધનજીભાઈ વેલજીભાઈ ભુડીયા એ આ પરમ સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું.

મંદિરનું બાંધકામ પૂ.મહંત સ્વામીની આજ્ઞાથી શા.સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી પરમહંસદાસજી, પુરાણી સ્વામી નૌત્તમમુનિદાસજી, પુરાણી સ્વામી મુકુંદમુનિદાસજી સંભાળશે.

શ્રી સ્વામિનારાયણ મંદિર સેલારીના સમસ્ત સાંખ્યયોગી બહેનો અને સમસ્ત હરિભક્તોના નિમંત્રણને માન આપી મોટી સંખ્યામાં સંતો, સાંખ્યયોગી બહેનો તથા હરિભક્તો આ ઉત્સવમાં પધાર્યા હતા. કાર્યક્રમ સંચાલન સ્વામી કપિલમુનિ દાસજીએ સંભાળીયું હતું.

**ભુજ મંદિર દ્વારા કોરોના કવચ (નસ્ય)નું વિતરણ**




આજે સમસ્ત વિશ્વ કોરોનાના ભયાવહ ભરડામાં ભીંસાઈ રહ્યું છે. લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. ત્યારે વિશ્વના દેશો કોરોનાને દૂર કરવાના પ્રયત્નોના ભાગરૂપે વિવિધ દવાઓ અને ઔષધીઓથી રાહત આપવા પ્રયત્નશીલ છે. આપણું ભુજ મંદિર પણ આ દિશામાં પ્રવૃત્ત છે. અને કોરોનાના સંક્રમણથી બચવા ગૌ સંજીવની પંચગવ્ય ઘૃત નસ્ય ‘‘કોરોના કવચ’’ પ્રસ્તુત કર્યું છે. જે અસરકારક અને સલામત સાબિત થઈ રહ્યું છે. ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપા અને પરમ વંદનીય મહંત સ.ગુ. પુરાણી મહંત સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદથી ‘‘કોરોના કવચ’’ નું વિતરણ ભુજ મંદિર સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ કાર્યાલય દ્વારા થઈ રહ્યું છે. મો.૯૮૨૫૯૫૦૨૩૧ ઘૃત નસ્યના લાભ નીચે મુજબ છે.

- નાક તથા ગળમાં કોરોના વાયરસને તેમજ સંક્રમણને મોટા પ્રમાણામાં અટકાવે છે.
- વાત, પિત, કફનું શમન કરી છાતીના દર્દમાં રાહત

આપે છે.

- શરદી, કફની એલર્જી, માથાનો દુ:ખાવો, આધાશીશી, મગજની ગરમી, આંખોની ગરમી, નશ્કોરા બોલવા, અનિદ્રા, થાક, માનસિક તકલીફ, કાન, નાક, ગળાની તકલીફમાં રાહત રૂપ છે.
- **નસ્ય સેવનની રીત:-** સવારે અને રાત્રે માથું ઊંચું કરી ગરમ પાણીમાં મૂકી ગરમ કરી ૨-૨ ટીંપા નિયમિત નાકમાં નાખવાં.

**પૂજન તથા મહાપૂજા કથા- અંજાર**

અંજાર મધ્યે બિરાજમાન સર્વાવતારી પ્રભુ શ્રી ઘનશ્યામ મહારાજના શુભ સાનિધ્યમાં અંજાર મંદિરના મહંત સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજી, સ.ગુ. સ્વામી શ્રીહરિદાસજી, સ્વામી ભક્તિપ્રિયદાસજી, સ.ગુ.નીલકંઠચરણદાસજી આદિ વડિલ સંતો તથા કોઠારી સ્વામી નારાયણપ્રિયદાસજી કો. સ્વામી નારાયણદાસજી આદિ સંત મંડળના શુભ સંકલ્પથી મંદિરે વિવિધ આયોજન યોજાયેલ.

તા.૨૭-૦૪-૨૦૨૧ ચૈત્ર સુદ પૂનમ હનુમાન જયંતીના પવિત્ર દિવસે, અંજાર મંદિરમાં વર્તમાન મહામારી કોરોના સમયમાં વિશ્વ શાન્તિ માટે સર્વે સંતોએ સાથે મળી શ્રી ઘનશ્યામ મહારાજ આદિ ભગવદ્ સ્વરૂપોના ચરણોમાં શ્રી જનમંગલ નામાવલીના ૧૧ પાઠ નામમંત્રોથી હજારો તુલસીપત્રો અને ગુલાબના પુષ્પોથી પૂજન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ શ્રી હનુમાનજીનું પૂજન, પ્રાર્થના, હનુમાન ચાલિશા અને આરતી કરવામાં આવી, સંચાલન સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ કરેલ. અને આ પૂજનમાં દેશ-વિદેશથી અનેક હરિભક્તો ઓન્લાઇનથી જોડાઇ સહભાગી થયેલ.

**માસિક મહાપૂજા કથા એવં ફૂલના શણગાર**

તા.૦૭-૦૫ થી ૦૬-૦૬ માટે એક મહિનો સ.ગુ. ગોપાળાનંદ સ્વામી કૃત મહાપૂજા કથા એવં શ્રી ઠાકોરજીના ફૂલના શણગારનું આયોજન થયેલ.

કથાનું દરરોજ રાત્રે ૮ થી ૧૦:૦૦ દરમિયાન આયોજન કરાયું હતું. વક્તા પદે મહંત સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળના સંતોએ આ કથામૃતનું રસપાન કરાવેલ હતું. જેમા મહાપૂજામાં આવતા દેવો, સંતો, મુક્તોની કથાનો પ્રથમ વખત લાભ હરિભક્તોને મળેલ જ્ઞાન સાથે ગમત સંતો સંપૂર્ણ માસ માટે કરાવેલ આ પ્રસંગના યજમાન પદે બહોળી સંખ્યામાં હરિભક્તો રહેલ અને વિદ્યમાન સમયમાં ચાલતી મહામારીમાં સૌને શાંતિ અને બળ મળે તેમજ અ.નિ. થયેલ ભગવદ્ ભક્તોના મોક્ષાર્થે થયેલ આ આયોજનમાં ૧,૭,૧૫,૩૦ દિવસના યજમાન બની સહભાગી થયેલ. સંચાલન સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા સ્વામી ઘનશ્યામનંદનદાસજીએ કરેલ. દેશ વિદેશના હરિભક્તોએ ઓનલાઈન લાભ લીધો હતો. સમગ્ર માસ માટે વિવિધ પ્રકારના ફૂલના શ્રીઘનશ્યામ મહારાજના શણગારનું આયોજન થયેલ જેમાં પણ હરિભક્તો મોટી સંખ્યામાં ૧ દિવસના યજમાન બની લાભ લીધેલ હતો.

આ કાર્યક્રમોને સફળ બનાવવા સંતો તથા સાં.યો. બહેનો તેમજ હરિભક્તોએ જહેમત ઉઠાવી હતી.

- અહેવાલ, ઠક્કર મેહુલભાઇ પ્રવિણચંદ્ર (અંજાર).

**સાંખ્યયોગી બહેનોની સેવાની સદ્ભાવના-સુખપર**

શ્રી સ્વામિનારાયણ ભગવાને જીવમાત્રની સેવા કરવાના આપેલા આદેશને અનુસરી ભુજ મંદિરના સંતો અને સાંખ્યયોગી બહેનો સદૈવ સેવારત છે.

મહામારી કોરોનાએ જ્યારે વિશ્વમાં હાહાકાર મચાવ્યો છે, ત્યારે સાંખ્યયોગી મહંત શામબાઈ ફઈની પ્રેરણા અને આજ્ઞાથી સુખપર ગામના સાંખ્યયોગી

બહેનો વર્તમાન સમયમાં સાર્વજનિક સ્મશાનમાં રાષ્ટ્રિય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકો, સેવિકાઓ તથા કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક-યુવતી મંડળના ભાઈ-બહેનો કોરોના ગ્રસ્ત મૃતદેહોના ધાર્મિક વિધિપૂર્વક અંતિમ સંસ્કાર કરનાર માટે પોતાના હાથે રસોઈ બનાવી ઠાકોરજીને ભોગ ધરાવી એક મહિનાથી સ્વયંસેવકો માટે બપોરનો પ્રસાદીરૂપ ભોજન નિયમિત પહોંચાડી રહ્યાં છે. મૃતદેહો માટે તાજાં ફૂલોની પ્રસાદીના હાર,પવિત્ર સરોવરનાં તથા ગંગાજળ, તુલસીમાળા, ઘી આદિ પણ પહોંચાડી રહ્યાં છે.

ઉપરાંત ભુજ મંદિરના મહંત સ્વામી આદિ સંતો, ટ્રસ્ટીઓ, ભુજ કન્યા વિદ્યા મંદિરના ટ્રસ્ટીઓ પણ સ્વયંસેવકોની પૂછા કરવા જઈ વિવિધ ફળનો પ્રસાદ આપી પ્રોત્સાહિત કરે છે. મૃતદેહોને અંતિમવિધિ માટે પહોંચાડવા ખડેપગે રહેતા એમ્બ્યુલન્સ ચાલકોને પણ નિયમિત પ્રસાદનો લાભ અપાય છે. ભુજ મંદિરના મહંત સ્વામી આદિ સૌ સંતો અને સાંખ્યયોગી બહેનો સેવા કરતાં સૌ બહેનો ભાઈઓ પ્રત્યે આભારની લાગણી દર્શાવેલ હતી.

**મેલુકોટેના વિદ્વાન્ એમ. એ. શ્રી લક્ષ્મીતાતાચાર્યજીનો અક્ષરવાસ**

કર્ણાટક રાજ્યના મૈસુરથી ૫૦ કી.મી. દૂર આવેલ મેલુકોટેના વિદ્વાન્ એમ.એ. શ્રીલક્ષ્મીતાતાચાર્યજી તા.૧૫-૫-૨૦૨૧ના અક્ષરવાસી થયા છે.



મેલુકોટામાં પ્રાચીન વિશાળ શ્રી નારાયણ ભગવાનનું મંદિર આવેલું છે. શ્રીરામાનુજાચાર્યજી ૧૨વર્ષ આ ગામમાં રહીને ભગવદ્ આરાધના કરેલી હતી અને સ્વશિષ્યોને સૌ પ્રથમ વેદાંતનો અભ્યાસ કરાવેલો તેથી આ ક્ષેત્રને જ્ઞાનમંડપ કહેવાય છે. શ્રીરામાનુજાચાર્યે મંદિરનો જીર્ણોદ્ધાર કરીને ઉત્સવ મૂર્તિ ભગવાન શ્રીસમ્પત્તકુમારની પ્રતિષ્ઠા કરી છે. બીજા એક પર્વતના શિખર ઉપર સ્વયંભૂ યોગનરસિંહ ભગવાનનું મંદિર આવેલું છે. આ પવિત્ર ભૂમિમાં હજારો વર્ષથી સંસ્કૃતના વિદ્વાનોની પરંપરા ચાલી આવે છે. પિતા પોતાના પુત્રને બાળપણથી જ ઘરમાં શાસ્ત્રાભ્યાસ કરાવતા આવે છે. આવી એક ઉત્તમ પિતા-પુત્રની જ્ઞાન પરંપરામાં એક વિદ્વાન્ આપ હતા.

આપનો જન્મ ૨૨-૦૮-૧૯૩૬ થયો હતો. બાળપણથી જ આપ વેદાધ્યયનમાં રુચિ ધરાવતા હોવાથી ખૂબજ શાસ્ત્રાભ્યાસ કર્યો. વ્યાકરણ, સાહિત્ય, પ્રાચીન ન્યાય, નવ્ય ન્યાય, વિશિષ્ટાદ્વૈત વેદાન્ત વગેરેનો અભ્યાસ કરી વિદ્વત્તા પ્રાપ્ત કરી. આપે તમીલ, કન્નડ, સંસ્કૃત, હિન્દી અને અંગ્રેજી વગેરે ભાષા ઉપર પ્રભુત્વ મેળવેલું. આપના પ્રયત્નોના ફળ સ્વરૂપે વૈદિક પ્રાચીન વિજ્ઞાન અને આધુનિક વિજ્ઞાનના સમન્વય સાથે શ્રીરામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્તના પ્રચાર- પ્રસાર માટે મેલુકોટામાં સંસ્કૃત સંશોધન સંશતની (એકેડેમી ઓફ સંસ્કૃત રિસર્ચ સેન્ટરની) વર્ષ સન્ ૧૯૭૭ માં સ્થાપના થઈ જેમાં આપેજ ડાયરેકટર તરીકેની સેવા સ્વીકારી આ સંસ્થાના પ્રથમ સફળ સંચાલક રહ્યા. પંડિતોના ઘરે જઇ વિનય સાથે એમની પાસે રહેલ તાલપત્ર ગ્રન્થોને આપ સંસ્થામાં લાવી વ્યવસ્થિત સાંચવવાની વ્યવસ્થા ગોઠવી. આવા અલભ્ય દુર્લભ આસરે ૨૦ હજારથી વધુ તાલપત્રમાં અનેક ભાષાઓમાં લખાયેલ ગ્રંથોની જાળવણીમાં આપનું મોટું યોગદાન રહ્યું. આપે આ સંસ્થામાં વીસથી વધુ વિદ્વાનો દ્વારા રિસર્ચ શરૂ કરાવ્યું. આજના સમયને અનુરૂપ તાલપત્રના ગ્રન્થોનું સંશોધન કરી સંસ્થા દ્વારા આપે પુસ્તકના રૂપમાં સુંદર પ્રકાશન શરુ કરાવ્યું. અત્યાર સુધીમાં આ સંસ્થા દ્વારા ૨૦૦ થી અધિક સંસ્કૃત, કન્નડ, હિન્દી, તમીલ, અંગ્રેજી વગેરે ભાષાઓમાં ગ્રંથો પ્રકાશિત થયા તેમા આપનું મહત્ત્વનું

માર્ગદર્શન રહ્યું છે.

સન્ ૧૯૯૨માં વડતાલ અને ભુજ મંદિરથી સંતો સંસ્કૃતના ઉચ્ચ અભ્યાસાર્થે મેલુકોટામાં આવ્યા એ દરમિયાન વિદેશથી ઘણા વિદ્યાર્થીઓ સંશોધન માટે આવતા જતા રહેતા. આપના સહયોગથી ભુજ મંદિરના સંતો પણ આ સંસ્થામાં એડ્મીશન લઇ વિદ્વાન્ કે.એસ. વરદાચાર્યજી અને અન્ય વિદ્વાનો અને આપના દ્વારા ન્યાય, શ્રીભાષ્યમ્, શ્રીગીતાભાષ્યમ્, તત્ત્વમુક્તકલાપ આદિ ગ્રન્થોનો અભ્યાસ કર્યો. સ.ગુ. શ્રી ગોપાળાનંદ સ્વામી વિરચિત દશોપનિષદ્ ભાષ્યનું સંસ્કૃતમાં શ્રીરામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈત સિદ્ધાન્તાનુસાર હોવાથી છ ભાષ્યો સાથે આ સંસ્થા દ્વારા પ્રકાશન આપે કરાવ્યું. આ ગ્રન્થો આજે પણ સંસ્થામાં ઉપલબ્ધ છે. આપના માર્ગદર્શન હેઠળ ભુજ મંદિરના તેમજ સંપ્રદાયના ૫૦થી અધિક સંતોએ સંસ્કૃતનો સારો અભ્યાસ કર્યો છે. સંતોના અભ્યાસની સાથે રહેવાની સુવિધા પણ આપે કરી આપેલ. ભુજ મંદિર તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયને મળેલ આપનો સહયોગ સદાય અવિસ્મરણીય રહેશે.

આપે સમય જતાં સંસ્થામાંથી સ્વેચ્છાએ નિવૃત્તિ લઇ બેંગલોરમાં આયુર્વેદિક એન્ડ ઇન્ટેગ્રેટીવ મેડીસીન સંસ્થાના ડાયરેક્ટરની સેવામાં રહ્યા.આપ પ્રાચીન વૈદિક શાસ્ત્રોના જ્ઞાન સાથે આધુનિક જ્ઞાન અને ટેકનોલોજીનું જ્ઞાન ધરાવતા હોવાથી, આપના તરફથી સંશોધનમાં ખૂબ જ સારું માર્ગદર્શન મળતાં સંસ્કૃતભાષાના પ્રચારમાં, પ્રાચીન સંસ્કૃત તાલપત્ર ગ્રન્થોના સંરક્ષણમાં, દરેક ગ્રન્થોનું કોમ્પ્યુટરરાઇઝ કરવામાં, આયુર્વેદ ઉપચાર પદ્ધતિમાં તેમજ સંશોધનાત્મક પુસ્તક પ્રકાશનમાં બહુજ મોટું યોગદાન મળ્યું છે. આ યોગદાન સંસ્કૃત અને સંસ્કૃતી પ્રેમીઓને સદાયને માટે યાદ રહેશે.

સન્ ૧૯૯૪માં મેલુકોટેથી સાત વિદ્વાનો ભુજ શ્રી નરનારાયણદેવના દર્શને આવેલ તેમાં આપશ્રીની પણ ઉપસ્થિતિ હતી જે ભુજ મંદિર અને સંતો માટે યાદગાર પળ રહેશે. વિદ્વાનો જ્યારે ભુજ, કાલુપુર, વડતાલ આદિ મંદિરોનાં દર્શન કર્યા બાદ સંપ્રદાય અને સંતોની દિનચર્યા જોઇ વૈષ્ણવ સંપ્રદાયની પરંપરા આજે પણ અહીં મંદિરોના સંતોમાં જોવા મળે છે આવી પ્રસન્નતા આપે વ્યક્ત કરી હતી.

અચાનક આપના તા.૧૫-૫-૨૦૨૧ના રોજ અક્ષરવાસ થવાથી સંસ્કૃત જગતમાં ન પુરાય એવી ખોટ પડી છે. ભગવાન શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરીયે કે આપનો સંસ્કૃત અને સંસ્કૃતી પ્રત્યેનો અદમ્ય ઉત્સાહ આપના સુપુત્રોમાં વિદ્વાન્ આલવારજી તથા વિદ્વાન અનંતજીને આવે.

આપે આજીવન સંસ્કૃત સંસ્કૃતિ અને સંસ્કારનું નવી પેઢીને સિંચન કર્યું છે. આવો અદ્ભુત સંસ્કૃતિનો વારસો આપનાર આપના ચરણોમાં વંદન.આપને શ્રી સ્વામિનારાયણ ભગવાન એમના ચરણની સેવા આપે અને પરિવારમાં વિયોગ સહન કરવાનું બળ મળે એજ શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

અહેવાલઃ- ડો.સ્વામી સત્યપ્રસાદદાસજી

## અંતિમ ક્રિયા માટે લાકડાની સેવા

કોરોના મહામારીના વધતા કેસો અને મૃત્યુ કેસો વચ્ચે મસ્કા કોવિડ હોસ્પિટલમાં મૃત્યુ પામનારા શબોના મસ્કા સ્મશાનગૃહમાં અંતિમ સંસ્કાર કરવામાં આવે છે. સતત શબોના બાળવાના લીધે બળતણ ખૂટી પડતાં ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર સંચાલિત કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળ પિયાવાના યુવાનો તાત્કાલીક ધોરણે આસપાસની વાડીઓમાં ફરી ૩૫૦ મણ એકત્ર કરી મસ્કા સ્મસાન ગૃહ સુધી પહોંચતું કર્યું હતું. આ સેવાકાર્ય બદલ પૂ.મહંત સ્વામીએ યુવાનોને રૂડા આશીશ પાઠવ્યા હતા.

અહેવાલઃ-કલ્યાણભાઈ ગાજપરિયા

# : શ્રીઘનશ્યામ બાળસંદેશ :-

## શ્રીહરિનો પ્રથમ જન્મોત્સવ કચ્છમાં ઉજવાયો

લેખક :- શા.સ્વામી સંતસ્વરૂપદાસ

બાળમિત્રો ! જયશ્રી સ્વામિનારાયણ, ભગવાન સ્વામિનારાયણ કચ્છની ભૂમિને પાવન કરતા ભુજથી માનકુવા ગયા. ત્યાંથી રામપર મેરાઇ વાડીને પાવન કરી. રામપર આવ્યા અને ત્યાંથી દહીંસરા થઇ ફરી ભુજ પધાર્યા. ભુજમાં શ્રીહરિનો પ્રથમ જન્મોત્સવ ઉજવાયો. ચાલો આપણે પણ એ ઉત્સવમાં જોડાઇ જઇએ.

ભગવાન શ્રીહરિ રામપરથી દહીંસરા પધાર્યા. તળાવની કિનારે આવીને બેઠા શૌચક્રિયા કરી સ્નાન કર્યું. ગામમાંથી ભક્તો આવ્યા દર્શન કરી સભામાં બેઠા. શ્રીહરિએ સૌને ધર્મોપદેશ આપતા કહ્યું : ''ભક્તો, આ તળાવમાં અમે સ્નાન કર્યું છે તેથી આ તળાવને 'હરિસરોવર' કહેવું.''

બીજે દિવસે શ્રીહરિ ભુજ પધાર્યા. ભુજના હરિભક્તોએ ભવ્ય સન્માન કર્યું. સુંદરજીભાઇને ઘેર આવી નિવાસ કર્યો. સંવત્ ૧૮૬૦ ચૈત્ર સુદ નવમીનો દિવસ આવ્યો. રામનવમીને મંગલ દિવસે શ્રીહરિએ સૌ સંતો-હરિભક્તોને ઉપવાસ કરવા આજ્ઞા કરી. પોતે સ્વયં સાક્ષાત્ પરમાત્મા છે છતાં ભક્તોને શિક્ષા આપવા ઉપવાસ કર્યો. ધામધૂમથી ઉત્સવ ઉજવવામાં આવ્યો. કુશળ હરિભક્તોએ સુશોભિત મંડપ તૈયાર કર્યો. મંડપમાં સુંદર સિંહાસન ઉપર શ્રીરામચંદ્ર ભગવાનને પધરાવ્યા. બપોરના બાર વાગ્યે શ્રીહરિએ વિધિવત્ પૂજા કરી, આરતી કરી, સાધુ-બ્રાહ્મણોનું પૂજન કર્યું.

રામચંદ્ર ભગવાનનું પૂજન તો ધામધૂમથી થયું. પણ આજ તો ભગવાન શ્રીહરિનો પણ જન્મ દિવસ છે. તે જાણી ભક્તોએ રાતે દશ ઘડી વીત્યા બાદ શ્રીહરિના જન્મ દિવસનો ઉત્સવ કર્યો. વિશાળ સભામંડપમાં સુવર્ણના સિંહાસન પર શ્રીહરિ બિરાજમાન થયા. ભક્તોએ વંદન કરી વિધિવત્ પૂજન કરવા લાગ્યા. બ્રાહ્મણો વેદના મંત્રનો ઉચ્ચાર કરવા લાગ્યા. સૌ પ્રથમ પ્રાગજી પુરાણીએ શ્રીહરિને વંદન કરી ચોખા, ચંદન, પુષ્પો અને પુષ્પના હાર પહેરાવી પૂજન કર્યું. ત્યારબાદ સુંદરજીસુથાર, ગંગારામ મલ્લ, ભગવાનજીભાઇ વગેરે હરિભક્તોએ શ્રીહરિનું ચંદન-પુષ્પહારથી પૂજન કર્યુ. પૂજન કરી શક્તિ પ્રમાણે ભેટ આપી. ત્યાગી સંતોએ પણ ચંદન-પુષ્પથી પૂજન કર્યું. સમૂહમાં આરતી અને સ્તુતિ-પ્રાર્થના થઇ. બહેનોએ પણ દૂર રહી પૂજન કર્યું. આવી રીતે શ્રીહરિનો જન્મોત્સવ ઉજવી સૌ ભક્તિભાવમાં તરબોળ થઇ ગયા.

ભક્તોએ આપેલી ભેટો શ્રીહરિએ બ્રાહ્મણોને દાનમાં આપી દીધી. ઉદાર દિલવાળા શ્રીહરિ પોતા હસ્તે કંઇ પણ રાખતા નહિ. આ રીતે સૌપ્રથમ વાર શ્રીહરિનો જન્મોત્સવ કચ્છ ભુજમાં ધામધૂમથી ઉજવાયો.

બીજે દિવસે સવારે સ્નાન-પૂજા વગેરે પ્રાતઃવિધિ પૂર્ણ કરી શ્રીહરિએ આ ઉત્સવ પ્રસંગે દેશોદેશથી આવેલા સંતો, હરિભક્તોને પારણા કરાવવા પોતે જાતે પંગતમાં પીરસી સૌને જમાડ્યા. સૌને પોતાનાં દર્શનથી અને પ્રસાદથી અતિ તૃપ્ત કરી દીધા. દયાના મહાસાગર એવા પ્રત્યક્ષ ભગવાન શ્રીહરિનાં દર્શન, પૂજન અને સેવા કરીને કચ્છ ભુજનગરના ભક્તજનોએ પોતાના માનવ જન્મને સફળ કરી દીધો.

- - - - - - - - - - - - -

એક દિવસ શ્રીહરિ ભુજમાં ભગવાનજીભાઇને ઘેર બિરાજમાન હતા. તે સમયે એક મોઢ બ્રાહ્મણ ત્યાં આવ્યો. તેમનું નામ તલો હતું. મહારાજના દર્શન કર્યા.

શ્રીહરિએ પૂછ્યું : ''તલા ! આજ તને કેમ છે ? કંઇ ખાવા-પીવાનું મળ્યું ?'' તલો કહે : ''મહારાજ ! આજ તો ખાવા-પીવાનું કંઇ મળ્યું નથી. પેટમાં બિલાડા બોલે છે.'' શ્રીહરિએ કહ્યું : ''પેંડાનો પ્રસાદ છે જમાડશો ?''

એમ કહીને એક હરિભક્તને બશેર પેંડા લાવવાની આજ્ઞા કરી. તલો કહે : ''મહારાજ ! બશેર પેંડાથી તો મારે ચટણીએ નહિં થાય, થોડા વધુ હોય તો...''

મહારાજે ત્રણ શેરની આજ્ઞા કરી, છતાં તલાને સંતોષ ન થયો. મહારાજે ચાર શેરની વાત કરી. તલાએ કહ્યું :

"ચાર શેરે પેંડા પૂરા તો નહીં થાય પણ..." પછી મહારાજે પાંચ શેર પેંડા મંગાવ્યા. હવે તો પૂરા થઇ જશેને ? તલાએ કહ્યું : "પૂરા તો નહિ થાય પરંતુ કઇક ખાધું એવું લાગશે."

તલો પલાંઠી વાળી પેંડા જમવા લાગ્યો. શ્રીહરિએ પૂછ્યું : "પેંડા સાથે કંઇ જોઇએ તો એ મંગાવી આપું." તલા વિપ્રએ કહ્યું : "કંઇ જોઇતું નથી પણ...." મહારાજ કહે : "પણ.. શું ?"

તલો કહે : "મહારાજ ! પેંડા સાથે દહીં હોય તો સારું" મહારાજે પાંચ શેર દહીં મંગાવ્યું. તલો તો પાંચ શેર પેંડા અને પાંચ શેર દહીં બધું જ જમી ગયો. તેમ છતાં જમ્યાનો ઓડકાર આવ્યો નહિ.

શ્રીહરિએ કહ્યું : "તલા, આટલું જમી ગયો તે પચશે કેમ ?" તલો કહે : "મહારાજ ! થોડી વારમાં બધુ પચી જશે ." એમ કહી તલો કડેય બાંધીને મંડ્યો ચાલવા તે ઉતાવડી ગતિએ ચાલતા બે કલાકમાં તો બાર કિલોમીટરનો પંથ કાપી પાછો આવી ગયો. અને મહારાજને કહ્યું : "મહારાજ! જુઓ, મારું પેટ તો એવું ને એવું ખાલી જ પડ્યું છે, ફરી પાંચ શેર પેંડા આપો તો એ પણ ચાલ્યા જાય." તલાની વાત સાંભળી મહારાજ હસવા લાગ્યા. મહારાજે કહ્યું : "તલા વિપ્ર ! તમે તો જમવામાં જબરા હો..

આમ મહારાજ પોતાના ભગતને જમાડે રમાડે અને રમૂજ કરાવે..

# -: જ્ઞાન સરિતા :-

### -: જન્મ દિવસ કેવી રીતે ઉજવીશું ? :-

બાળમિત્રો, ભારતીય સંસ્કૃતિ અનુસાર જન્મદિવસ કેમ ઉજવવો જોઇએ. એ વિષે થોડુંક આપણે જાણીએ.

આજ ઘણા લોકો 'કેક' બનાવી ઉપર મીણબતી ગોઠવી ફુંક મારી ઓલાવે પછી ચપ્પુથી 'કેક' કાપી એકબીજાને ખવરાવે. એ આપણી સંસ્કૃતિ નથી અને આપણો ધર્મ પણ નથી.

ધર્મદેવે ઘનશ્યામમહારાજના પ્રથમ જન્મ દિવસ નિમિત્તે આઠ ચિરંનજીવીઓનું પૂજન કરી બ્રાહ્મણોનું પૂજન કરી દાન આપ્યું હતું - મહારાજ ભુજ પધાર્યા ત્યારે ભક્તોએ રામનવમીના દિવસે શ્રીહરિનો જન્મ દિવસ ઉજવ્યો ત્યારે મહારાજનું પૂજન કર્યું આરતી કરી, પ્રાર્થના કરી, ભેટો આપી. આ આપણી પરંપરા છે

**તો હવે તમે તમારો જન્મ દિવસ કેવી રીતે ઉજવશો ?**

ભગવાન આગળ ઘીનો દીવો કરવો, ૧૦૮ જનમંગલ નામાવલીથી ચોખા, તુલસીપત્ર, પુષ્પથી પૂજન કરવું. સરસ થાળ બનાવી જમાડવો, આરતી કરવી અને છેલ્લે પ્રાર્થના કરવી. બાદ માબાપની, સંતોની અને પવિત્ર ભૂદેવની પૂજા કરવી. થયા શક્તિ દાન આપવું અથવા ગાયોને ઘાસ આપવું વગેરે સત્કાર્ય કરવા જોઇએ. (ભગવાને સુખી રાખ્યા હોય તો ગામમાં બાલ સભામાં પ્રસાદ ધૂન કે રાસોત્સવ વગેરે ઉત્સવમાં સહભાગી થવું.)

**કયારે ઉજવવો ?**

તારીખ અનુસાર નહીં તિથિ અનુસાર જન્મ દિવસ મનાવવો. આપણા ભગવાનનો જન્મ દિવસ રામનવમી ના જ ઉજવીએ છીએ. નહિ કે ૨જી એપ્રીલના, કૃષ્ણ જન્મોત્સવ શ્રાવણ વદ આઠમના ઉજવીએ છીએ. નંદ સંતો કે ભક્તોનો જન્મ દિવસ પણ તિથિ અનુસાર ઉજવાય છે. એ જ આપણી પરંપરાને જાળવી રાખવા આપણે પણ તિથિ અનુસાર જ જન્મ દિવસ ઉજવવો જોઇએ.

**કયા ઉજવવો ?**

ઘરમાં, દેવ મંદિરમાં, સંતોના સાંનિધ્યમાં વગેરે પવિત્ર જગ્યાએ ઉજવવો. પણ કોઇ પાર્ટી રાખીને જયાં ત્યાં જન્મ દિવસ ન ઉજવવો.

**શામાટે ઉજવવો ? - શું ફળ મળે ?**

શાસ્ત્રોમાં જેમનો જન્મ દિવસ હોય એમને માટે એ દિવસને શુભ દિવસ માનવામાં આવે છે. તેથી તે દિવસે ભજન કે સત્કાર્ય કરવાથી હજાર ગણું પુન્ય મળે છે.

ભગવાન, મા-બાપ અને સંતો વગેરેનું પૂજન કરવાથી એમના આશીર્વાદ પ્રાપ્ત થાય છે.

**આપણી ભારતીય સંસ્કૃતિ પ્રમાણે જન્મ દિવસ ઉજવવો.**

## -: શબ્દ રચના :-

ધર્મદેવે પોતાના પુત્ર ભગવાન શ્રીહરિકૃષ્ણના બીજા વર્ષના આરંભમાં નવમી તિથિએ 'જન્મ દિવસે' પ્રથમ વાર્ષિક જન્મોત્સવ મોટા ધામધૂમથી ઉજવ્યો હતો. તેમાં આઠ ચિરંજીવીઓનું પૂજન કર્યું હતું. તેના નામ નીચેના કોયડામાંથી શોધો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સ | અ | હ | નુ | મા | ન | જી | વ |
| વ્યા | શ્વ | રા | જા | સૂ | ર્ય | દે | ગ |
| સ | ત્થા | વિ | ભિ | ષ | ણ | પ | ર્ગા |
| મુ | મા | ર્ક | ણ્ડે | ય | મુ | ની | ચા |
| ની | બ | લિ | રા | જા | હં | સ | ર્ય |
| ય | મ | ના | ર | દ | જી | ચા | દ્ર |
| પ | ર | શુ | રા | મ | પા | ચં | પો |
| ન | ટ | રા | જ | કૃ | ત | વ | ર્મા |

### -: ગત અંકની શબ્દ રચનાનો ઉકેલ :-

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ન | ર | ના | રા | ય | ણ | દે | વ |
| ર | | | મ | તિ | | | ચ |
| સિં | હા | સ | ન | | અ | ર્ચ | ના |
| હ | | હ | વ | ન | | | મૃ |
| | અ | જા | મી | લ | | સુ | ત |
| ગો | | નં | | | ક | થા | |
| પા | ય | દ | ળ | | મ | ર | ણ |
| લ | ક્ષ | | પા | તા | ળ | | |

## શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧ કરસનભાઈ ઝીણા જેસાણી સપરિવાર શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદીયા

૨૫૧ માનાભાઈ રામજી જેસાણી શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - બળદીયા

૫૦૦ અ.નિ.કુંવરજીભાઈ વિશ્રામ વરસાણી શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - નારણપર (નિ.વો)

૨૦૨ રવજી માવજી ભુડીયા શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - માધાપર

૩૦૦ અ.નિ.સુંદરબાઈ ધનજી ભુવા શ્રી નરનારાયણદેવની પ્રસન્નતાર્થે - મિરઝાપર

૫૦૦ કોમલબેન ભાવેશ લલીત ભંડેરી દિકરીના જન્મ નિમિત્તે - માધાપર

૨૦૦ સુદર્શન નાવીન દેવજી છાંગા શ્રી નરનારાયણદેવના પાઠોત્સવ નિમિત્તે - હિરાપર

૫૦૦ શ્રીરામ ક્રિષ્ન કોરોના રોગમાંથી ઠીક થયા તે નિમિત્તે - કેરલ હાલે મુંબઈ

## ગ્રાહકો માટે અગત્યની સૂચના

શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશના ગ્રાહકોને જણાવવાનું કે 'ધર્મસંદેશ' વોટ્સએપથી પણ મેળવવા આપ આપનું નામ, ગ્રાહક નંબર (અંકના કવર - રેપર પર દર્શાવેલ હોય છે) ગામનું નામ અને આપના મોબાઈલ નંબર વિના વિલંબે (૭૫૬૭૬૦૪૦૦૦) આ નંબર ઉપર મોકલી આપશો. જેથી આપના ફોનમાંજ આ ધર્મસંદેશ અંક મોકલી આપવામાં આવશે.





ભુજ મંદિર દ્વારા ગામડાઓમાં જઈને હરિભક્તોનું રેપિડ ટેસ્ટ કરાઈ રહ્યું છે. - અબડાસા















ભુજ મંદિર દ્વારા રોજીંદી મજુરી કરી ગુજરાન ચલાવતા લોકો માટે ખાદ્ય રાસન સામગ્રીના ૨૫૦૦ બોક્ષ અર્પણ કરાયાં

RNI NO. GUJ/GUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Postal Regd. No. GKCH-158/2021-2023
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ / STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2021/UPTO 31-12-2021





**વિવિધ ફૂલના તથા ચંદનના શણગારમાં દર્શન આપતા શ્રીઠાકોરજી - ભુજ**











**શ્રી નરનારાયણદેવના ૧૯૮ મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે સભામંડપમાં કથા પારાયણ, મૌન પારાયણ કરતા સંતો તથા યજમાન પરિવાર - ભુજ**